Anoopam Mission

બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ઓક્ટોબર ૨૦૨૫

વર્ષ ૪૦ * અંક ૭

॥ સ્વામિશ્રીજી ॥



પ્રભુના લાડીલા સર્વ સંતો- અક્ષર મુક્તો...
નવા વર્ષના પ્રારંભે અમો સૌ સંતો- ભક્તોના
સૌને નૂતન વર્ષાભિનંદન સાથે
ભાવભર્યાં અભિનંદન !
જય શ્રી સ્વામિનારાયણ!

Canada
U.S.A.
International Yo
9-10 Augus
MANDIRJI DASHABDI MAHO
MANDIRJI DASHABDI MAHOTSAV UK AUG 2025

“

સત્સંગીઓનાં દીકરા-દીકરીઓ એ સત્સંગની અને
અનુપમ મિશનની મહામૂલી મૂડી છે.
આ યુવાઓનાં જીવન સત્સંગમય થાય તે આપણી ભક્તિ છે.

”

~ સંતભગવંત સાહેબજી

સાધુહૃદયની પ્રાર્થનાગંગા

દીપાવલીના ઉત્સવોના આરંભ થયા છે.

પ્રથમ ઉત્સવ એકાદશી...

વ્રત-ઉપવાસ, તપનો દિવસ
દશ ઇન્દ્રિય ને અગિયારમું મન
પ્રભુ સન્મુખ રાખીશું, પવિત્ર કરી લઈશું
તે સંકલ્પ કર્યા ને દીપ પ્રગટાવ્યા
અંતરે અજવાળાં પથરાયાં તે અનુભૂતિ થઈ.

બીજો ઉત્સવ વાઘબારશ...

આજનો સંકલ્પ છે શાંત થવાનો
મન શાંત, આત્મામાં પરમ શાંતિ
કોઈને કનડવું નથી... સૌને પ્રેમ કરવો છે
સૌનો સ્વીકાર કરવો છે... સૌમાં પ્રભુસંબંધ જોવો છે
સૌને નિર્દોષ માનવા છે... સૌ સ્વજન છે
તેથી સૌ વ્હાલા છે, આપણા પોતાના છે
વર્તન અને વ્યવહારે પ્રેમ ધારવો છે
કોઈને દુઃખ ન જ પહોંચે તે વર્તન કરવાં છે
આ સૌ પ્રભુનાં સંતાનો છે
મારા ગુરુ સાહેબનાં લાડકાં છે
સૌ ભાઈ-ભાંડું ને સૌ વડીલો-સ્વજનો
તે ભાવે વર્તન વ્યવહાર કરવા વાઘના સ્વભાવ છોડવા છે
રાંક બનવું છે... દાસ બનવું છે
સૌની સેવા કરી જ લેવી છે
આ ભાવનાં વર્તન કરવા માટે વાઘબારશે...
પ્રભુના ચરણે... ગુરુચરણે પ્રાર્થના છે !
હે દયાળુ !
અમ સૌને દાસ બની સેવા કરી લેવા
શક્તિ ભક્તિ ને સામર્થી દેજો !

ત્રીજો ઉત્સવ ધનતેરશ...

શ્રી લક્ષ્મીજીની પૂજા કરી.
અમે જે કમાયા તે તમારું, આપનું આપને અર્પણ
આ અર્પણ આજે આંશિક - તે પૂર્ણ કરાવજો પ્રભુ !
તે ભાવ ધર્યા... પ્રાર્થના કરી.
લક્ષ્મી અમારી માતૃશક્તિ
તે દિવ્ય છે પવિત્ર છે ; તે અમ જીવનમાં પ્રવેશ્યાં
તે અમને સુખ દેવાને અર્થે
તે કલેશ ન કરાવે, દુઃખી તો કદી ન જ કરે
તે ભાવે આવકારીએ, તેનાં અભિવાદન કરીએ
તેનાં જતન કરીએ, તે માટે પ્રાર્થનાઓ કરીએ.
અમે પ્રભુનાં સંતાનો
પ્રભુએ દીધું તે સઘળું
પ્રભુને અર્પણ... પૂર્ણ સમર્પણ
તે અનાસક્તિભાવ છે
તેવા અનાસક્ત અમને બનાવો.

ચોથો અને પાંચમો ઉત્સવ દિવાળી અને બેસતું વર્ષ...

પ્રભુના પ્રગટ સ્વરૂપ ગુરુહરિ સાહેબજીના યથાર્થ સ્વરૂપને ઓળખવા
રૂપી જ્ઞાનદીપ આ દિવાળીએ પ્રગટાવીએ.
નૂતનવર્ષ અને શેષ જીવનની પ્રત્યેક પળે
હે પ્રભુ ! હે સાહેબદાદા !
કેવળ તમારી મૂર્તિ જોઈએ
તે વિનાનું જે કંઈ છે તે આપનું
તે ભાવનાં નિર્મળ જીવન બનાવો તે માગ્યું
તે જરૂર થવાનું જ તે શ્રદ્ધા કરી
આ વર્ષની દીપોત્સવીના સર્વ ઉત્સવો ઉમંગથી ઊજવ્યા
અમે સૌ ધન્ય થઈ ગયા.

◆



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, વાઘબારશ, ૨૫ તથા ૨૭ ઑક્ટોબર, ૨૦૦૮

સ્વામિશ્રીજી

દીપોત્સવીએ પાંચ અખંડ દીવડા પ્રગટાવીએ !

'બ્રહ્મનિર્ઝર'નો આ અંક આપની હથેળીની ઉષ્મા અને આંખોનો પ્રેમ પામી રહ્યો હશે, ત્યારે આ વર્ષની દિવાળીના ઉમંગ, પ્રકાશ અને આનંદ આપના જીવન અને પરિવારમાં પ્રસરી રહ્યા હશે. આપને, પરિવારજનોને તથા આપના સર્વ સુહૃદ સંબંધીઓને દીપોત્સવીનાં વધામણાં અને નૂતનવર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ની રૂડી મંગલમય શુભેચ્છાઓ ! ભારતમાં અને સવિશેષપણે હિન્દુ સમાજમાં દિવાળીના ઉત્સવો સૌ વિશેષ ઉલ્લાસથી ઊજવે છે. નૂતનવર્ષના આરંભ સાથે નવી આશાઓ, નવા ઉત્સાહ અને નવા સંકલ્પ સાથે સૌ નવજીવનને વધાવે છે. દિવાળીના ઉત્સવો દરમિયાન દરરોજ ઘરના પાણિયારે અને આંગણે પ્રત્યેક પરિવાર દીપમાળા પ્રગટાવે છે. પ્રકાશવંત દીવડા જીવનમાં શુભત્વ, પવિત્રતા, સકારાત્મકતા, પ્રકાશ, આનંદ, ઉમંગ તથા જ્ઞાનનાં પ્રતીક સમાન છે. આ દીપોત્સવીએ આપણે સૌ પાંચ દીવા અવશ્ય પ્રગટાવીએ.

પહેલો દીવો પ્રેમનો ! ભગવાનનાં સર્જન સર્વ જીવ-પ્રાણી-માત્ર પ્રત્યે આપણા હૃદયમાંથી સદાય પ્રેમ વહો. આપણાં પરિવારજનો પ્રત્યે અને વિશેષરૂપે આપણા દાંપત્યજીવનમાં, બાળકો સાથેના વ્યવહારમાં અને વડીલો પ્રત્યે આપણા વિચાર અને આચાર સદાય પ્રેમસભર રહો. આપણા સંતો પ્રત્યે આપણા વ્યવહારમાં સહજ પ્રેમ પ્રસરો. આપણી માતૃભૂમિ-આપણા રાષ્ટ્ર ભારત પ્રત્યે આપણો રાષ્ટ્રપ્રેમ સદાય વધતો રહો. આપણા મહાન રાષ્ટ્ર ભારત પ્રત્યે આપણા પ્રેમનું વ્યાવહારિક પ્રગટીકરણ સ્વચ્છતા, સ્વદેશી અને સ્વધર્મનાં નિરંતર અને જાગ્રત પાલનથી થશે અને તે આપણી માતૃભૂમિ પ્રત્યે આપણી પ્રેમસભર સેવા ગણાશે.

બીજો દીવો આદરનો ! આપણા પરિવારનાં વડીલો તથા માતા અને પિતા પ્રત્યે કે આપણી સાથે સંઘજીવનમાં જીવતા વડીલો-સંતો પ્રત્યે આપણો આદર તેઓ પ્રતિ આપણા વ્યવહારમાં પ્રગટ થાઓ. સદાય આપણાં વડીલો, માતા-પિતા તથા વડીલ સંતોની સેવા, સાર-સંભાળ તથા તેઓને રાજી કરવાના વિચાર આપણને તેઓ પ્રત્યેના આપણા રોજિંદા વ્યવહારમાં આદર પ્રગટ કરવા માટે પ્રેરણા આપતા રહો. તેઓની સેવા એ આપણા સહજ સંસ્કાર બનો. તેઓના પ્રસન્નતારૂપી આશીર્વાદ નૂતનવર્ષે અને શેષજીવનપર્યંત આપણી મહામૂલી મૂડી બનો.

ત્રીજો દીવો ગુરુમહિમાનો ! ભારતીય આધ્યાત્મિક વિચારમાં ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને સાક્ષાત્ પરબ્રહ્મ તત્ત્વના ધારક દિવ્ય મૂર્તિ માન્યા છે. આપણા ગુરુ પ્રત્યે આપણો મહિમા, તેઓના આપણા જીવનમાં પ્રાપ્ત અનંત આશીર્વાદ પ્રત્યે ધન્યભાવ સહિત તેઓની આજ્ઞાનાં પાલન માટે આપણાં ઉમંગ, આપણી નિષ્ઠા અને આપણા દૃઢ સંકલ્પ દિન-પ્રતિદિન વધુ ને વધુ દૃઢ થતાં જાઓ. ગુરુની આજ્ઞાનું પાલન એ જ સાચા શિષ્ય હોવાનું પ્રથમ લક્ષણ છે તે વાત આપણાં વિચાર અને આચરણમાં દૃઢ થઈ સહજ બનો. ગુરુની આજ્ઞાનું પાલન એ જ ગુરુની સાચી વંદના છે, એ જ ગુરુનું સાચું દર્શન છે – આ વિચાર આપણું સહજ જીવન બનો.

ચોથો દીવો પ્રતીતિનો ! આપણને પ્રાપ્ત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના તત્ત્વના ધારક સત્પુરુષ પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના સ્વરૂપે આપણને ભગવાનનું સાકાર અને પ્રગટ સ્વરૂપ સહજ પ્રાપ્ત થયું છે; તેનાં ધન્યભાવ, ઉલ્લાસ, કેફ, મસ્તી અને આનંદ સાથે તેઓના આ દિવ્ય સ્વરૂપની યથાર્થ પ્રતીતિ આપણને જીવનની પ્રત્યેક પળે સહજ અનુભવમાં આવો. ગુરુહરિ સાહેબજીમાં ભગવાનનું તત્ત્વ સાકાર રૂપે માનવસ્વરૂપે પ્રગટ છે તે વાતની પ્રતીતિનો વ્યાવહારિક અર્થ એ થાય કે, આપણા જીવનમાં ભગવાનની સર્વોપરિતા અને કર્તાહર્તાપણાનો સ્વીકાર કરીએ. આ સ્વીકારના પરિણામ સ્વરૂપે સૌમાં પ્રેરક, પ્રવર્તક તથા નિયંતા કેવળ અને કેવળ ભગવાન છે, ભગવાનના તત્ત્વના ધારક ગુરુહરિ સંતભગવંત સાહેબજી છે – તે વાત અને વિચારને જીવનના આચરણમાં મૂકીએ. તેથી, સૌ સહજ રીતે નિર્દોષ મનાય, સૌ સદાય દિવ્ય મનાય. આવી સમ્યક્ નિર્દોષબુદ્ધિ અને સુહૃદ દિવ્યભાવ આપણા જીવનમાં સહજ આનંદ પ્રગટાવશે, હૃદયમાં અખંડ ભગવાન બિરાજમાન કરશે.

પાંચમો દીવો જ્ઞાનનો ! સર્વ ભારતીય આધ્યાત્મિક શાસ્ત્રનો સાર, સર્વ જ્ઞાનનું જ્ઞાન એટલું જ છે કે હું આ દેહ નથી, મારું મૂળ સ્વરૂપ આત્મા છે, અક્ષર છે. અને, મને મારા ગુરુહરિ રૂપે પ્રાપ્ત ભગવાનના સાકાર સ્વરૂપ વિશે સમ્યક્ નિર્દોષબુદ્ધિએ યુક્ત પ્રતીતિ છે. તેથી, મારો દેહ અને મારું જીવન આ પૃથ્વી પર ભગવાનનાં કાર્યનાં સાધન છે. તો, આ જીવન અને દેહ ભગવાનનું કાર્ય કરવા, ભગવાનની રીતે સેવામાં વપરાય અને તેના એકમાત્ર સુફલરૂપે ભગવાનના પ્રગટ સ્વરૂપ મારા ગુરુહરિની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે જ્ઞાનરૂપી દીવાના ઉજાસમાં આપણા શેષ જીવનની પ્રત્યેક પળ પ્રભુને, પ્રભુના પ્રગટ સ્વરૂપ ગુરુહરિ સંતભગવંત સાહેબજીને સમર્પિત થાય તેવી સદૈવ દીપોત્સવીની મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ !

સ્વા.શ્રી...

~ સાધુ મનોજદાસ

સંતભગવંત સાહેબજીની

છે માહાત્મ્યસભર વાણી સદા...

ગુરુપૂર્ણિમાના મંગલકારી પર્વે આશીર્દાન
૧૦ જુલાઈ ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

ગુરુપૂર્ણિમાનું મંગલકારી પર્વ એ આપણા સૌ માટે ભક્તો આનંદનો દિવસ ! સનાતન હિન્દુ ધર્મમાં માનનારા આપણા સૌ માટે ગુરુપૂર્ણિમા મહા મંગલકારી દિવસ છે. ગુરુના આશીર્વાદ આપણા જીવનમાં સુખ, સમૃદ્ધિ અને આનંદ આપતા હોય છે. આપણા પર અપરંપાર કૃપા કરીને શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ આદિ ભગવાનના અવતારો ભારતની ધરતી પર માનવદેહ ધારણ કરીને આવ્યા. માનવ ખૂબ બુદ્ધિશાળી, પણ એ જ બુદ્ધિ એને ભગવાનને ઓળખવામાં આડી આવી. ભગવાનને ઓળખી ના શક્યા એટલે જે પ્રાપ્ત કરવાનું હતું એ પ્રાપ્ત કરી ના શક્યા. શ્રી સ્વામિનારાયણ ભગવાને એ જોયું એટલે પોતે પધાર્યા ને સાથે મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી જેવા અનાદિ સંતો, અક્ષરમુક્તોને લાવ્યા. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પ્રકરણ પહેલાની પહેલી વાતમાં લખ્યું કે, 'આજ તો ભગવાન પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને અહીં પધાર્યા છે. એમની જો ઓળખાણ થાય, એમનો જો મહિમા સમજાય તો જીવ બીજી રીતનો થઈ જાય છે–સુખિયો થઈ જાય છે.'

માણસ શરીરની કસરત કરે, સારો ખોરાક લે તો શરીર બળવાન થાય છે પણ આત્મા બળવાન થતો નથી. ઘણા પહેલવાન જેવા હોય પણ ગરોળીથી બીતા હોય. ઘણાં બહેનો બળવાન હોય પણ વંદાથી બીતાં હોય. આત્મામાં આ જે ભય છે એ આત્માની નબળાઈ છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'ભગવાનને ઓળખતા નથી, સાધુને ઓળખતા નથી, મુક્તોને ઓળખતા નથી એટલે જીવ બળિયો નથી થતો.' જીવને બળિયો બનાવવો હોય, ડર રહિત તાકાતવાળો બનાવવો હોય, અભયવર પ્રાપ્ત કરવો હોય તો ભગવાન, ભગવાનના સાધુ ને ભગવાનના અક્ષરમુક્તોને સાચી રીતે ઓળખીએ તો આત્મા નિર્ભય થઈ જાય. એના માટે એવા ગુરુ જોઈએ, તેઓ આપણને ઓળખવાની રીત બતાવે. આપણે ગુરુપૂર્ણિમાએ કાયમ એક સાખી સાંભળીએ છીએ, 'ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગુ પાય, બલિહારી ગુરુદેવકી, જિન્હોંને ગોવિંદ દિયો બતાય.' ભગવાન શ્રી સ્વામિનારાયણ આવીને ઊભા હોય તો આપણને ઓળખાય નહીં, પણ ગુરુ મળ્યા હોય તો તેઓ કહે કે, 'આ માણસ નથી, સ્વયં પ્રભુ છે.' એટલે મહારાજ ગુણાતીતને સાથે લઈને આવ્યા અને ગુણાતીતે મહારાજને સર્વોપરીભાવે કેવી રીતે ભજાય એની શ્રેષ્ઠ સમજણ આપણને આપી. એ ગુણાતીત મહારાજને રહેવાનું અક્ષરધામ છે એ વાત મહારાજે વારંવાર એમની હયાતીમાં કરી.

મહારાજે ૪૯ વર્ષે દેહ ત્યાગ્યો ત્યારે મહારાજનું એ જ પરબ્રહ્મ તત્ત્વ ગુણાતીત થકી આ પૃથ્વી પર પ્રગટ રહ્યું. અને 'એવા ગુણાતીતભાવને પામેલા સાધુ દ્વારા પૃથ્વી પર અમે અખંડ રહીશું'–મહારાજે આવા આશીર્વાદ આપ્યા એ વાત આપણે સૌ જાણીએ છીએ. ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદાએ એ વસ્તુને છતી કરી કે, આ ગુણાતીતાનંદ સ્વામી એ સામાન્ય સાધુ નથી. વિચરણ કરીને, માંગી માંગીને બધે ફરે છે પણ તેઓ એવા સાધુ નથી, સ્વયં પ્રભુસ્વરૂપ છે.

ભગતજી મહારાજ પર ગુણાતીતાનંદ સ્વામી રાજી થઈ ગયા તો કહ્યું, 'પ્રાગજી માંગ માંગ, માંગે તે આપું.' ભગતજી મહારાજ કહે, 'મારે કંઈ જોઈતું નથી. મારે તો કેવળ આપની પ્રસન્નતા જ જોઈએ છે.' એટલે

ગુણાતીતાનંદ સ્વામીએ ગમ્મતમાં કહ્યું કે, 'પ્રાગજી, તને એમ હશે કે આ સાધુ ફાટલાં-તૂટલાં કપડાં પહેરે છે ને બધે માંગી માંગીને મંદિરનો વહીવટ કરે છે એ મને શું આપશે ? પણ તારા મગજમાં આવી કોઈ શંકા હોય તો કાઢી નાખજે. આ સાધુને ભગવાન વશ છે. તેઓ જે કહે તે મહારાજ સાકાર કરે છે. માટે હું તને આશીર્વાદ આપું છું, તું મુંબઈ જા, તને દરજીની કળા આવડે છે તો મુંબઈ જેવા શહેરમાં તારી પાસે બહુ ઘરાકો આવશે ને વર્ષે તને ૬૦,૦૦૦ રૂપિયા મળશે ને સારી છોકરી મળશે એની જોડે તું પરણીને સુખી થઈ જઈશ.' ત્યારે ભગતજી મહારાજ કહે, 'સ્વામી, ૧૩ વર્ષ હું ગોપાળાનંદ સ્વામી સાથે રહ્યો અને ૧૨ વર્ષથી તમારી સાથે રહીને સત્સંગ કરું છું. આમ, ૨૫ વર્ષથી સત્સંગમાં સમર્પિત છું, પણ આમાં સુખ છે એવું તમે કોઈ વખત બોલ્યા નથી. પૈસાની જરૂર તો છે, પણ સુખ તો ભગવાન ને ભગવાનના સાધુની પ્રસન્નતામાં છે, તો મારે પૈસા ને એ બધું નથી જોઈતું. પણ તમે ક્યાંના વાસી છો, ક્યાંના રહેવાસી છો ? તમારા એ સ્વરૂપનાં દર્શન મારે કરવાં છે.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'તારે એ બધું જાણવું હોય તો સંસાર છોડીને મંદિરમાં આવી જા.' પ્રાગજી ભગત પણ શૂરવીર હતા, બધું છોડીને જૂનાગઢ મંદિરમાં આવી ગયા ને ગુણાતીતાનંદ સ્વામીની પ્રસન્નતા પ્રાપ્ત કરી. 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે'-એ વાત એમણે છડેચોક કહેવાની શરૂ કરી.

ભગતજી મહારાજે એ વાત શાસ્ત્રીજી મહારાજને આપી. પછી તો શાસ્ત્રીજી મહારાજે સંકલ્પ કર્યો કે, મારા જીવનનું ધ્યેય, મારા જીવનની હવે પછીની બધી પ્રવૃત્તિ અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવવાની હશે. આપણે જાણીએ છીએ, શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આખી દુનિયામાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કર્યું. યોગીજી મહારાજ, પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, ડૉક્ટર સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી-આ બધા સંતો દ્વારા દુનિયાભરમાં તેનો પ્રસાર કર્યો. આવા ગુણાતીતભાવને પામેલા સાધુઓ જ્યારે આપણા જીવનમાં પ્રવેશ કરે છે અથવા એમને વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય છે ત્યારે મૂળ અજ્ઞાનનો નાશ થાય છે. મૂળ અજ્ઞાન કયું ? તો જન્મ-મરણના ચકરાવામાં ફેરવે છે એ મૂળ અજ્ઞાન છે. દુઃખમાં, સુખમાં આનંદ નથી લેવા દેતું એ મૂળ અજ્ઞાન છે; જેને અહંકાર કહેવામાં આવે છે.

ગુરુ દ્રોણ એકલવ્ય પર રાજી થયા તો તેનો અંગૂઠો માંગી લીધો. કારણ ? બાણવિદ્યામાં અર્જુન કરતાં કોઈ શ્રેષ્ઠ હોય એ એમને ગમતું નહોતું. અંગૂઠો એ બાણવિદ્યા માટે અગત્યનું અંગ છે. અંગૂઠો ના હોય તો તમે બાણવિદ્યાનો ઉપયોગ કરી જ ના શકો, અંગૂઠા વગર ધનુષ ઉપર બાણ ચઢાવી જ ના શકો. એકલવ્ય બાણવિદ્યામાં નકામો થઈ જાય એટલે અંગૂઠો ગુરુદક્ષિણામાં માંગી લીધો. આપણને થાય કે, આવા કેવા ગુરુ કે અંગૂઠો કાપી લીધો ? પણ આ એક રૂપક છે. તમારી જે વિદ્યાને લઈને તમે પારંગત છો, જે વિદ્યાને લઈને તમારી નામના છે, જે વિદ્યાને લઈને તમે કમાણી કરી રહ્યા છો, એ વિદ્યા તમારી પાસેથી અંગૂઠારૂપી લઈ લે તો તમે પાંગળા થઈ જાવ. ના એવું નથી. અંગૂઠો એટલે અહંકાર. ગુરુ જ્યારે રાજી થાય છે ત્યારે માણસનો અહંકાર, મારાપણાનો ભાવ લઈ લે છે, યાદ રાખો !

માણસ દુઃખી શાથી થાય છે ? કોઈ કવિએ લખ્યું, 'રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા, ધનપતિ દુઃખી વિકારમેં. બિના વિવેક ભેખ સબ દુખિયા, ઉધો સુખી રે સંત સંસારમેં.' મોટા રાજ્યમાં રોજ કોઈ ને કોઈ પ્રશ્નો સળગતા હોય, એ માટે આખો દિવસ વ્યાધિ, વ્યાધિ ને વ્યાધિ હોય એટલે રાજા દુખિયો છે. લાંબો-પહોળો વહીવટ કરનારા દુખિયા છે. રંક ભી દુખિયા-ઘણા માણસ બહુ ગરીબ હોય, તેમને રોજ-રહીશું ક્યાં ? ખાઈશું ક્યાં ? તેના પ્રશ્ન હોય. એટલે એ ગરીબ પણ દુખિયો છે. ધનપતિ દુઃખી વિકારમેં-સત્સંગ વગરનો બહુ પૈસાદાર હોય તો એ વિકારમાં, વ્યસનમાં, કુસંગમાં દુખિયો હોય છે. વિના વિવેક સાધુ પણ દુખિયો છે. જે સાધુ થઈને વિવેક વગર ફરતો હોય. ક્યાં જવું-ક્યાં

સંતોનો મહિમા જો આપણા હૃદયમાં સમજાય,
એમની વાત મનાય,
એમનાં દર્શનની સ્મૃતિ થાય,
એમના વિશે નિર્દોષભાવ ને દિવ્યભાવ સાથે
એમની આજ્ઞા જો પળાય તો
અહંકાર રહિત થવાશે.

અડધો કલાક ધૂન કરો,
સત્સંગસભા કરો,
'વચનામૃત', 'સ્વામીની વાતો' વાંચો ;
આપણે
આ નિયમો પાળીએ.

ફરવું, ક્યાં ખાવું-શું ના ખાવું, કોને મળવું-કોને કઈ વાત કરવી અને કઈ વાત ના કરવી, શું માંગવું-શું ના માંગવું ; એવા વિવેક વગરનો જે સાધુ છે એ પણ દુખિયો છે. સાધુ પાસે ઓછાંમાં ઓછાં સાધન-ભાર હોય. 'લેસ લગેજ, મૉર કમ્ફર્ટેબલ'-ઓછામાં ઓછી જરૂરિયાત, ઓછામાં ઓછી ટેવો ને વધુમાં વધુ ભજન કરી પ્રભુનો પ્રસાર કરવો. એટલે એક ભગવાનને રાજી કરવા સિવાય બીજી કોઈ અપેક્ષા ન હોય. આવો વિવેકવાળો સાધુ-એ સંત સંસારમાં સુખી હોય. જે સાધુને ભગવાન સિવાય, ભગવાનને રાજી કરવા સિવાય, ભગવાનના થઈને જીવન જીવવા સિવાય કોઈ પ્રવૃત્તિમાં રસ ના હોય એવો જે સંત, કે જેણે ભગવાન રાખ્યા છે અને જે કોઈ સંબંધમાં આવે એને ભગવાન આપે છે એ સાધુ જ સુખિયો છે.

તો જે અહંકારી છે, એમનો એ અહંકાર જાય કેવી રીતે ? તો ત્યાં ગુણાતીત સાધુની જરૂર પડે, ત્યાં ગુરુની જરૂર પડે. એવા ગુરુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય અને બે હાથ જોડી તેઓની આજ્ઞા પાળે અને ગુરુ રાજી થાય એવી તેઓના અભિપ્રાયની ભક્તિ જો કરે તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં પછી એ ગૃહસ્થ હોય કે ત્યાગી હોય, બધાને અંદરથી સાધુતા આવે અને અહંકાર રહિત થાય અને તો માણસ સુખિયો થાય. તો એ કેવો સુખિયો થાય ? કે એને કોઈ ગાળ ભાંડે તોય સ્મિત કરે, હાર પહેરાવે તોય સ્મિત કરે, માન આપે તોય આનંદ થાય અને અપમાન કરે તોય આનંદ થાય. એને કશું લાગેવળગે જ નહીં, નિર્લેપભાવમાં આવી જાય. બધાને એવા બનાવવાનો સંકલ્પ લઈને શ્રીજી મહારાજ આ બ્રહ્માંડમાં પધાર્યા. એ સંકલ્પમાં આપણે આવી ગયા છીએ. મને-તમને-સર્વને એવા બનાવવા છે.

અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, વી.એસ., મનોજભાઈ ને આ સંતો માટે એટલે કહું છું કે, ખરેખર જ્યારે કંઈ ખબર નહોતી અને ભગવાં કપડાં પહેરીને જ સાધુ થવાય, મંદિરમાં રહીને જ ભક્તિ થાય એવા યુગમાં યોગીજી મહારાજે કહ્યું કે, 'તમને આ કપડે સાધુ રાખવા છે ને તમારું હૃદય ભગવું કરવું છે. સંસારમાં જશો નહીં.' બસ, આટલું બોલીને બાપાએ તેમને છૂટા મૂકી દીધા. તે વખતે કોઈ વ્યવસ્થા નહોતી, ત્યારે તેઓ ૨૦-૨૫ વરસના ભણેલા-ગણેલા સરસ નોકરી કરતા બુદ્ધિશાળી યુવાનો હતા, પણ ગુરુએ આજ્ઞા કરી કે, સંસારમાં જવું નથી, સાધુ થવું છે. અને પછી બાપાએ તેમનાથી દૂર કર્યા, આજ્ઞા કરી કે, તમે સંસ્થામાંથી નીકળી જાવ. આવા સંજોગોમાં અશ્વિનભાઈ એમ.એસસી.નો અભ્યાસ છોડી, ઘર સળગાવી સાધુ થવા યોગીબાપા પાસે આવ્યા. શાંતિભાઈ રિસર્ચ છોડીને તેમને ઘરે લઈ ગયા, તો ઘર સળગાવીને સાધુ થવા આવ્યા. રતિકાકા, પૂનમભાઈ પરણેલા હતા તોય સાધુ થઈ ગયા. હર્ષદભાઈના પપ્પાએ બૅન્ગ્લોર પાસે મૅડિકલ કૉલેજમાં ડૉનેશન સીટ પર ઍડમિશન લીધું હતું છતાં તેઓએ કહ્યું કે, મારે ડૉક્ટર નથી બનવું, બાપા સાથે રહેવું છે. આ બધાને તે વખતે કૅરિયર બનાવવાનાં વર્ષો હતાં, પણ પોતાના ગુરુને વિશે અપાર હેત તો વિશ્વાસ ને શ્રદ્ધાથી, યોગીજી મહારાજની આજ્ઞાથી એવી સાધુતા પ્રાપ્ત કરવા ખાબક્યા તો બાપાએ અદ્ધર ઝીલ્યા, સાધુ બનાવ્યા અને એમાંથી અનુપમ મિશન થયું. અને આ સંતોની સાથે રહીને તમે જે દાન-દક્ષિણા ને સેવાથી સાથ આપો છો એનાથી આ બધું થયું છે. વિશેષ તો, આ સંતોએ પોતાનું વહાલામાં વહાલું જીવન ભગવાનને અર્થે સમર્પિત કર્યું છે એવી અમારી સાધુની આ સેના છે.

જ્યારે કોઈ એવી સગવડ નહોતી, સરખું રહેવાનું નહોતું, અનુપમ મિશનની બોલબાલા નહોતી, કોઈ વ્યવસ્થા નહોતી ત્યારે આપણા વડીલ સાધુઓ વાસુભાઈ, દિલીપભાઈ ને આ બધા સંતોની ટીમ અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ સાથે હોમાઈ ગઈ. તમે જુઓ તો એક એક સાધુ અદ્‌ભુત છે ! પોતાની સુખ-સાહ્યબી, વ્યવસ્થા ગૌણ કરીને ભગવાનને રાજી કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરીને આજની તારીખે પણ અશ્વિનભાઈ, શાંતિભાઈની જે આજ્ઞા આવે એ આજ્ઞામાં તેઓ ખાબકે છે. પોતાની ઉંમર પણ નથી

જોતા. જ્યાં મોકલે ત્યાં જાય, જે કરાવો તે કરે, જ્યાં બેસાડો ત્યાં બેસે એવી આ સાધુની આખી સેના છે. આવા સાધુઓ આપણને ગુરુ તરીકે મળ્યા એ ભગવાનની અપરંપાર કૃપા છે ! યાદ રાખો, ભગવાંધારી સંતો અને આ સંતો એ બાપાએ આપણને આપેલી ભેટ છે ! આપણા માટે યોગીજી મહારાજ આ સંતોને અક્ષરધામમાંથી માનવદેહે લાવ્યા છે. આવા સંતોનો મહિમા જો આપણા હૃદયમાં સમજાય, એમની વાત મનાય, એમનાં દર્શનની સ્મૃતિ થાય, એમના વિશે નિર્દોષભાવ ને દિવ્યભાવ સાથે એમની આજ્ઞા જો પળાય તો અહંકાર રહિત થવાશે. તો આપણે બધા આવા ગુરુઓની દૃષ્ટિમાં આવી ગયા છીએ એટલે ફાંફાં માર્યા વગર સૌ ભગવાન ભજવાનું ચાલુ કરજો એટલે તેઓને રાજી કરી લેવાય.

તમને બધાને અનુપમ મિશનમાં બેસાડી દેવાના નથી, માટે ગભરાશો નહીં. પણ આ સાધુ, તમે જ્યાં છો ત્યાં અંદરથી સાધુતા પ્રગટાવશે, નિર્લેપભાવ આપશે. પૈસા કમાવ, સમૃદ્ધ થાવ, એક મીલની બે મીલ કરો, એક દુકાનની બે દુકાન કરો, પાંચ વીઘાં જમીન હોય તો ૫૦ વીઘાં જમીન કરો, દિવેલા, બટેટાં જે વાવતાં હોવ તે ૧૦૦ મણ થતાં હોય તો ૫૦૦ મણ થાવ; ભગવાન કહે, મારે એની સાથે કોઈ નિસબત નથી. મારે તમને વધારેમાં વધારે સુખ આપવું છે, પણ તમે ભગવાનના થઈને જીવન જીવો. અને 'મને જે કંઈ મળ્યું છે એ ભગવાનનું છે, મહારાજનું છે' એમ માનો. તેઓ જ્યારે જે માંગે ત્યારે આપી દેવાનું. એમનું છે ને એમને આપી દેવાનું છે. આપણને કોઈ પાંચ-દશ લાખ રૂપિયા સાચવવા આપે તો આપણે સાચવીએ છીએ અને પછી તેઓ જ્યારે પાછા માંગે ત્યારે તરત એમને પાછા આપી દઈએ છીએ કે તમે આપ્યા છે ને તમારે લઈ જવાના છે. એમ, આપણને બધું કોણે આપ્યું છે ? ભગવાને. આ દેહ કોણે આપ્યો છે ? ભગવાને. સારા ઘરે જન્મ કોણે આપ્યો છે ? ભગવાને. સારું શિક્ષણ કોણે અપાવ્યું ? ભગવાને. અને શિક્ષણ દ્વારા આપણને જે મળ્યું છે એ કોણે આપ્યું ? ભગવાને. તો આ બધું કોનું છે ? ભગવાનનું. તો આ બધું ભગવાન માટે વાપરવાનું કે આપણા માટે વાપરવાનું ? ભગવાન માટે વાપરવાનું. ભગવાન તો તમે વાપરો એમાં ખુશ છે, તેઓ એમ નથી કહેતા કે ના વાપરશો, પણ જ્યારે ભગવાનનું કાર્ય હોય ત્યારે તેમાં વાપરવાનું. તમે નોકરી કરો, સંસાર-વ્યવહારનાં કામ કરો, બધું કરો પણ જ્યારે ભગવાનની હાકલ થાય, ગુરુની હાકલ થાય ત્યારે બધું ગૌણ થઈ જવું જોઈએ. પહેલા મારા ગુરુ, પહેલા મારા ભગવાન પછી બીજું બધું એવું હોવું જોઈએ. તો તમારું બધું ભગવાન માથે લેશે, કશું બગડવા નહીં દે. પણ આપણે ભગવાન ને ગુરુનું બળ નથી લેતા. કારણ કે, મહિમા નથી.

મહંત સ્વામીજી કહે છે કે, 'પ્રાપ્તિ થઈ છે, પણ પ્રાપ્તિની પ્રતીતિ નથી એટલે આત્મામાં બળ આવતું નથી.' કેવા ગુરુ મળ્યા છે ! કેવા પ્રભુ મળ્યા છે ! કેવા સંતો મળ્યા છે ! કેવો સત્સંગ મળ્યો છે ! એની પ્રતીતિ નથી. એ કેવી પ્રતીતિ ? તો નાનું બાળક હોય એને તમે એક હાથમાં ૫૦ કે ૧૦૦ રૂપિયા આપો અને બીજા હાથમાં ચોકલેટ આપો તો રૂપિયા ફેંકી દેશે ને ચોકલેટ ખાશે. પણ એને ખબર નથી કે આ રૂપિયામાંથી તો ઘણી બધી ચોકલેટ આવે. એને અનુભવ નથી કે, આ એક ચોકલેટ તો ખાઈ લઈશ પછી બીજી નહીં મળે, પણ આ ૫૦-૧૦૦ રૂપિયા જો વાપરીશ તો મને ઘણી બધી ચોકલેટ મળશે; એવી એને પ્રતીતિ નથી એટલે એ નોટ ફેંકી દે છે. એમ, ગુરુ ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તો એ કેટલી મહામૂલી મૂડી છે ! એની પ્રતીતિ નથી એટલે આપણે એને વાપરતા નથી, એનો ઉપયોગ નથી કરતા. એના બદલે જગતનાં સુખનો આનંદ મેળવવા ફાંફાં મારીએ છીએ. એટલા માટે ચાતુર્માસના જે નિયમ આપ્યા કે, અડધો કલાક ધૂન કરો, સત્સંગસભા કરો, 'વચનામૃત', 'સ્વામીની વાતો' વાંચો; આપણે એ નિયમો પાળીએ તો અનુભવ-પ્રતીતિ થતી જશે.

'મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી' દેહભાવ એ માયા છે. એમાંથી બહાર નીકળવા માટે દેહને તપથી ઓગાળો. એ માટે

એકબીજાને વિશે
નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવાનો.
એકબીજાનાં પ્રકૃતિ-સ્વભાવ ગમાડવાનાં
તો
આપણે પ્રકૃતિ-સ્વભાવ રહિત થઈ જઈએ.

ભગવાનના ભક્તો સાથે મેળ ના પડવા દે,
ભગવાનના ભક્તો સાથે
સંપ, સુહૃદભાવ, એકતા રાખીને કામ ના કરવા દે;
આવી જે માયા છે
એનાથી રક્ષા થાય તે માટે
પ્રાર્થના કરવાની.

એકટાણાં કરો, કાંઈક નિયમ લો. ચાર મહિના ના થાય તો શ્રાવણ મહિનો-એક મહિનો તો એકટાણાં થાય કે ના થાય ? ઘણાને તો એક ટાઈમ ઉપવાસ કરવાનો હોય તોય તકલીફ થાય છે. આખી જિંદગી તમે ખાધું જ છે, હવે એક ટાઈમ ના જમો એમાં તમને ચક્કર ચડી જાય છે. અને આમ તો કહો છો કે, અહંકાર રહિત થવું છે, ભગવાનને રાજી કરવા છે. આપણે નીકળ્યા તો છીએ ભગવાનને રાજી કરવા, પણ એક ટાઈમ ભૂખ્યું નથી રહેવાતું. આપણે કેટલા નબળા છીએ ! ભગવાનને રાજી કરવા શું ના થાય ? આ સંતોએ જીવન સમર્પિત કરી દીધું લો ! આપણાથી એવું થઈ શકે ? આ તો એક ટાઈમ ખાવાનું સમર્પણ કરવાનું છે તોય ઢીલાઢસ થઈ જઈએ કે, આપણાથી આવું નહિ થઈ શકે.

આપણા અનુપમ મિશન પરિવારના નાના-મોટા બધા ભક્તોને મારી પ્રાર્થના કે, ચાર મહિના ના થાય તો એક શ્રાવણ મહિનો તો એકટાણાં કરજો. દૂધ-ફ્રૂટ્સ ખાજો, પણ આપણે તપ કરવું છે. બાપાને તપ બહુ ગમતું હતું, તો એવું દેહનું તપ કરવું છે. અને 'વચનામૃત', 'સ્વામીની વાતો'નો સ્વાધ્યાય અને સત્સંગસભા કરજો. બહાર ગયા હોઈએ તો શોધી કાઢવું કે, સભા ક્યાં થાય છે ? તો સભામાં જવું. સભા ના થતી હોય તો આપણા ઘરથી શરૂ કરી દો. આધ્યાત્મિક પ્રગતિ કરવી હોય તો આ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ નિયમ છે. અમારે સંતોએ અમારી સાથે આશ્રમમાં રહે છે એ બધા સાધુઓ નિર્દોષ ને દિવ્ય છે એવું માનવાનું છે. દરેકની પ્રકૃતિ, સ્વભાવ, ઉછેર, વિચારસરણી બધું જ જુદું જુદું છે, પણ બધા ભેગા રહીએ છીએ. અમારા 'યોગીપ્રસાદ' રસોડામાં કોઈ મરચે મોળું ખાય, કોઈ મીઠે મોળું ખાય, કોઈ ખાંડથી મોળું ખાય, કોઈ વઘાર વગરનું ખાય; એમ ભાતભાતના સંતો ભેગા થયા છીએ. એમાં એકબીજાને વિશે નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવાનો. એકબીજાનાં પ્રકૃતિ-સ્વભાવ ગમાડવાનાં તો આપણે પ્રકૃતિ-સ્વભાવ રહિત થઈ જઈએ. ભગવાનના ભક્તો સાથે મેળ ના પડવા દે, ભગવાનના ભક્તો સાથે સંપ, સુહૃદભાવ, એકતા રાખીને કામ ના કરવા દે; આવી જે માયા છે એનાથી રક્ષા થાય તે માટે પ્રાર્થના કરવાની. અમે બધા સંતોએ નક્કી કર્યું કે, અમે જેટલા સંતો ભેગા રહીએ છીએ અથવા તો દુનિયાના ફલક પર જેટલા સંતો છે એ બધાને યાદ કરીને પ્રાર્થના કરીએ કે, અમે મહારાજના સાંનિધ્યમાં બેઠા છીએ તો, 'હે પ્રભુ ! આ સૌ દિવ્ય છે-નિર્દોષ છે, દિવ્ય છે-નિર્દોષ છે, દિવ્ય છે-નિર્દોષ છે.' એવું માનીશું તો તમે જોજો, ચાર મહિનામાં કેવાં પરિણામ મળે છે ! એમ, તમે ગૃહસ્થ છો. ઘરમાં તમારે કેટલાં બધાં પાત્રો છે, એ બધાંય પાત્રોને નજર સમક્ષ લાવી, 'હે મહારાજ ! તેઓ સૌ દિવ્ય છે, નિર્દોષ છે' એવું માનો. ઘરમાં બધાં ભેગાં રહેતાં હોય એટલે એકબીજાંની વીકનેસ દેખાશે, ગુણ નહીં દેખાય, યાદ રાખો ! અને વીકનેસ જોઈ, જોઈને એમની વધારે વીકનેસ દેખાતી જાય. પણ, આપણે ઊંધું કરવું છે, એમના ગુણ જ જોવા છે. 'આ સૌ પાત્રો નિર્દોષ છે, નિર્દોષ છે, નિર્દોષ છે; પ્રભુ ! તમે આપેલી ભેટ છે. પ્રભુ આપે અમને ભેગાં કર્યાં છે તો એકબીજાંને પૂરક બનીને, સૌ નિર્દોષ ને દિવ્ય છે' એમ માનીને, એમના ગુણોનો વિચાર કરીશું, તો તમે જોજો દેવ ઊઠી એકાદશી સુધી-ચાર મહિનાની આ પ્રૅક્ટિસ પછી કાર્તિક પૂર્ણિમાએ આપણે જ્યારે સમૈયો કરીશું, ત્યારે બધાના અનુભવ સાંભળીશું. તમે જોજો, તમારામાં એટલો બધો ફરક પડી જશે !

ઘરના મુક્તોનું, જ્યાં કામ કરીએ છીએ એ મુક્તોનું, જ્યાં જઈએ છીએ, જેમની સાથે સંપર્ક થાય છે એ બધા મુક્તોનું લિસ્ટ બનાવીને 'તેઓ સૌ દિવ્ય છે, નિર્દોષ છે, પ્રભુ ! તેઓમાં જે દોષ દેખાય છે એ મારા દોષનું રિફ્લેક્સન છે, એ ટાળી દો-ટાળી દો, મહિમાની કસર ટાળી દો, આ બધા નિર્દોષ ને દિવ્ય છે એવાં મને દર્શન થાય એવી કૃપા કરો.' એવી પ્રાર્થના કરીએ. તમે જોજો બહુ મોટું આ કામ છે.

અમે સંસ્થામાં હતા ત્યારે મહંત સ્વામીની સાથે દાદર મંદિરે સંતો રહેતા હતા. ચાતુર્માસમાં સંતો ધારણાંપારણાં ખાસ કરે, એમાંય આખો શ્રાવણ મહિનો ધારણાંપારણાં કરે. ધારણાંપારણાં કરવા બહુ અઘરાં છે. ડૉક્ટર સ્વામીને કોઈ ભક્તે કહ્યું, 'સ્વામી, તમે આટલી બધી તપશ્ચર્યા

કરો છો, ધારણાંપારણાં કરો છો, અમારાથી તો એક ટાઇમ પણ ભૂખ્યું નથી રહેવાતું.' એટલે ડૉક્ટર સ્વામી કહે, 'આ હ્યુમન બૉડી ટેવાઈ જાય છે એટલે અમને બહુ અઘરાં નથી લાગતાં હવે. શરૂઆતમાં એક ટાઇમ ખાવામાં, ધારણાંપારણાં કરવા અઘરાં લાગે પણ પછી પ્રૅક્ટિસ કરો તો ઊલટું મજા આવે છે, અઘરું નથી પડતું, પણ વિશિષ્ટ તપ બધા ભક્તોને નિર્દોષ માનવામાં સૌને પરસેવો છૂટી જાય છે.' કરવાનું એ છે. કોઈને વિશે ભાવફેર ના થાય, અમહિમા–માથાકૂટ ના થાય.

આપણા અનુપમ મિશન પરિવારના એક એક સંતો–ભક્તોએ ચાતુર્માસમાં વિશેષ આ નિયમ લેવો છે કે, ઘરનાં પાત્રો, આશ્રમના સંતો–બધાં નિર્દોષ ને દિવ્ય છે; એ માટે સવારની પ્રાર્થનામાં સ્પેશ્યલ ૧૫–૨૦ મિનિટ એમના માટે આપણે સમય કાઢીશું તો જોજો અંદરથી એટલું બધું પ્યૉરિફિકેશન થશે કે, એનો આનંદ કો'ક જુદો આવશે. અને આ નિયમ ગુરુદક્ષિણામાં આપીએ, બાપા આપણી પાસે આટલું જ માંગે છે. આપણે જગત તરફની આસક્તિથી રહિત થવું હોય, ધન તરફની આસક્તિ છોડવી હોય, આવડત–હોશિયારીનો અહંકાર છોડવો હોય તો એને ભગવાનના કાર્યમાં વાપરો તો છૂટી જશે. પણ આત્મા સાથે જે વીકનેસ વળગી છે એ ટાળવી હોય તો ભગવાન ને ભગવાનના ભક્તોને નિર્દોષ માની, એમના માટે સ્પેશ્યલ ભજન કરીએ.

આજે ગુરુપૂર્ણિમાના મંગલકારી પર્વે, ગુરુ ગુણાતીત ને સાક્ષાત્ મહારાજને અને આપણા સર્વના ગુરુરૂપ આપણા યોગીજી મહારાજ ને અશ્વિનભાઈ, શાંતિભાઈ, મહંત સ્વામી ને બધા સંતોનાં ચરણોમાં આપણે પ્રાર્થના કરીએ. અમે તમારા છીએ, અમારું જમા પાસું એક જ છે કે તમે અમારો સ્વીકાર કર્યો, તમે અમને ગ્રહણ કર્યા; એ અમારું જમા પાસું છે, તમે અમારા પર કૃપા વરસાવી છે તો, વિશેષ કૃપા વરસાવજો કે, તમારી માયા અમને નડે નહીં, તમારા બધા ભક્તોને વિશે નિર્દોષભાવ, દિવ્યભાવ રહે. અને અમારું જે કંઈ છે એ તમારું માનીને વાપરીએ. વાપરવાનું આપણે છે–ભોગવવાનું આપણે છે, પણ પ્રભુનું છે એવું માનીને કરીશું તો એ બંધનરૂપ નહિ થાય. તો આપે આપેલી બધી જ વસ્તુઓ આપની જ છે એવું માનીને જીવન જીવી ભક્તિ કરીએ ને સંપ, સુહૃદભાવ, એકતા, હળીમળીને બધાં કેન્દ્રોના ભક્તો, કાર્યકર્તા આવ્યા છે એ બધાને પ્રાર્થના કે, એકત્વભાવથી હળીમળીને ભક્તિ કરીએ. એમાં આડું આવતું જે કંઈ અમારી પાસે છે એ અમારા મહિમાની કસર કહો, આવડત–હોશિયારીનો અહંકાર કહો, એ બધું આજે ગુરુદક્ષિણામાં તમારાં ચરણોમાં મૂકીએ છીએ.

સંપ, સુહૃદભાવ, એકતા રાખી, હળીમળીને ભક્તિ કરીને આપની પ્રસન્નતાનાં પાત્રો બની, એકાંતિકપણું સિદ્ધ કરી, આપના સુખે સૌ સુખિયા થઈ જઈએ એવી ગુરુચરણે, પ્રભુચરણે આજે ગુરુપૂર્ણિમાની સૌ વતીની પ્રાર્થના ! રાજી રહેજો ! કોઈની તબિયત સારી ના હોય, કોઈને મનની બીમારી હોય, કોઈને દેહની બીમારી હોય, કોઈને ધનની બીમારી હોય, કોઈ આત્માની બીમારીથી વાતવાતમાં ઢીલા પડી જતા હોય, ડરી જતા હોય એવા બધા માટે પ્રાર્થના કરીએ છીએ, સૌને સર્વ વાતે તન, મન, ધન ને આત્માથી પ્રભુ સુખિયા કરજો.

ચોમાસું સરસ જાય. જે બધા ધંધો–બિઝનેસ કરે છે, એમાં બધાને ખૂબ બરકત આવે, સૌ ભક્તોને ભક્તિ, શક્તિ, સમૃદ્ધિ અપાર આપજો, ને તમારા અર્થે સૌ વાપરીને ભક્તિનો પરમ આનંદ માણે એવી પ્રભુચરણે ગુરુચરણે પ્રાર્થના ! ઘણા બીમાર છે, ઘણાને અક્ષરધામ જવું છે કે, અમને મહારાજ લઈ જાય તો સારું ! એ બધાની અરજીઓ, કોઈને વ્યવહારની તકલીફ હોય, કોઈને ધંધાની તકલીફ હોય, કોઈ પતિ–પત્નીને સંવાદિતાની તકલીફ હોય, છોકરાઓની તકલીફ હોય તો એ બધી અરજીઓ પ્રભુ તમારાં ચરણોમાં ધરીએ છીએ. એમાંથી બધાને ઉગારજો એવી સ્પેશ્યલ પ્રાર્થના–ધૂન કરીએ છીએ...

ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..!

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

આત્મા સાથે
જે વીકનેસ વળગી છે એ ટાળવી હોય તો
ભગવાન ને ભગવાનના ભક્તોને નિર્દોષ માની,
એમના માટે સ્પેશ્યલ ભજન કરીએ.

અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

ગુરુપૂર્ણિમાના મંગલકારી પર્વે આશીર્દાન
૧૦ જુલાઈ ૨૦૨૫, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

પ્રગટ ગુરુહરિ સાહેબદાદાની ઉપસ્થિતિમાં આજનો ગુરુપૂર્ણિમાનો શુભ ઉત્સવ એ આપણા સૌનાંય પરમ સદ્‌ભાગ્ય અને જીવનસ્મૃતિનો દિવસ ! તેઓનાં આશીર્વાદ અને કૃપા આપણા સૌ ઉપર સદાય વરસતાં રહે તેવી પ્રાર્થના !

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સેવકોને પણ, 'ગુરુ !' એમ સંબોધન કરીને બોલાવતા. હું એનું અર્થઘટન એવું કરું છું કે, જેમના જીવનમાંથી આપણે ગુણ લઈએ તેઓ આપણા ગુરુ છે. કારણ કે, આપણા કરતાં કંઈક વિશિષ્ટ આધ્યાત્મિક સમજણ સાથે તેઓ જીવી રહ્યા છે તેથી તેઓ આપણા માટે આદર્શરૂપ છે, ગુરુરૂપ છે. અને એટલે જ 'ભાગવત'માં ગુરુ દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યાની વાત આવે છે. દત્તાત્રેય પ્રભુના અવતાર હતા. એમણે આ સંસારનાં જીવ-પ્રાણીમાત્રમાંથી એક એક ગુણ લઈને એમને ગુરુ માન્યા હતા.

ગુરુહરિ સાહેબદાદાએ સત્સંગી ભક્ત-અનુયાયીઓને એક શિષ્ય તરીકે તેઓનાં જીવન-આચરણ અને વર્તનમાં સત્સંગ કેવી રીતે હોવો જોઈએ એનું સવારની પ્રાતઃપૂજાથી શરૂ કરીને રાત્રે પ્રાયશ્ચિત્તભરી પ્રાર્થના કરવા સુધીનું સુંદર ટાઈમટેબલ ગોઠવી આપ્યું છે. એની સતત સ્મૃતિ રાખીએ ને એ પ્રમાણે આપણા રોજિંદા જીવનમાં જીવવા માટે, એને આચરણમાં લાવવાનો પ્રયત્ન કરીએ એ ગુરુદર્શન છે, એ ગુરુપૂજન છે !

બહુ મહત્ત્વની ને અગત્યની એક બાબત કે, ગુરુ એ મનુષ્યરૂપમાં વિચરતું ભગવાનનું સ્વરૂપ છે તેમ મનાવું એ બહુ અઘરી બાબત છે. જેને આપણે સત્સંગની ભાષામાં કહીએ કે, 'કાળજું તૂટવા' જેવી બાબત છે. મનુષ્યરૂપમાં મનુષ્ય શરીરની મર્યાદામાં વિચરતું ભગવાનનું સ્વરૂપ એટલે આપણને મળ્યા છે તે ગુરુ છે એમ માનવું એ બહુ અઘરી બાબત છે. એટલે આપણે 'તમારા સ્વરૂપને વિશે અમને મનુષ્યભાવ ન આવે એવી અમારી સવળી મતિ ને ગતિ કરો' એવી શ્રી ગુરુચરણે વારે વારે પ્રાર્થના કરીએ છીએ.

વધારે નહીં તો ગુરુહરિ સાહેબદાદાએ આપણને ચાતુર્માસ દરમિયાન સત્સંગી તરીકેની આચાર સંહિતાના જે નિયમો આપ્યા છે, એમાંથી આપણી શરીરની અવસ્થા, સાંસારિક વ્યવસ્થાની મર્યાદાને સમજી-વિચારીને થોડુંક પણ જો એને આચરણમાં મૂકવાનો આપણે પ્રયત્ન કરીશું તો ગુરુકૃપાથી પ્રભુ આપણને અનંતગણું બળ આપવાના છે અને એના રૂડા સુખદ અનુભવ આપણને આપણા જીવનમાં થતા રહેવાના છે.

ગુરુનું શરણું લીધું, વર્તમાન ધરાવ્યા, એટલે સ્વાભાવિક છે કે, પંચ વર્તમાન અને અગિયાર નિયમની મર્યાદામાં મારું જીવન બને તો હું સાચો શિષ્ય-અનુયાયી બન્યો કહેવાઉં. અને મારો આશરો દૃઢ બને એ માટે સંતસમાગમ, સત્શાસ્ત્રોનો સમાગમ-સત્શાસ્ત્રોનું નિત્ય વાંચન, પઠન અને શ્રવણ કરવાનો સ્વાધ્યાય વિશેષ કરીને આ ચાતુર્માસ દરમિયાન કરવાની આપણને આજ્ઞા કરી છે. આપણા સૌનાંય આધ્યાત્મિક ઉત્થાન માટે એક બહુ મર્મભરી વાત ગુરુહરિ સાહેબદાદાએ આપણી સમક્ષ મૂકી છે. આપણી સાથે રહેનારા, આશ્રમ જીવનમાં આપણી સાથે આપણા

સાથીદારો, પરિવાર જીવનમાં આપણા પરિવારના સભ્યો, વ્યવસાયના સ્થાનમાં જેમની સાથે આપણે સંબંધમાં આવીએ ને સંપર્ક કરીએ તે સર્વમાં સાહેબદાદાએ પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં નિર્દોષભાવ ને દિવ્યભાવ સ્થાપિત કરવાનો બહુ અઘરો સ્વાધ્યાય આપ્યો છે. પણ એના દ્વારા પ્રભુ જ કર્તાહર્તા છે એ ભાવ ઉપર આપણે તેમની કૃપાથી અવશ્ય પહોંચવાના છીએ.

આપણે વ્યક્તિ જોઈએ છીએ, વ્યક્તિનો સ્વભાવ, વ્યક્તિની પ્રકૃતિ, વ્યક્તિની આકૃતિ જોઈએ છીએ. એના દ્વારા આપણી હાનિ કે વૃદ્ધિનાં આપણે કૅલ્ક્યુલેશન કરીએ છીએ. પણ એ બધાના પ્રેરક, પ્રવર્તક અને નિયંતા મારા પ્રભુ છે અને મારા ગુરુ દ્વારા તેઓ જ મારી સાથેનાં પાત્રોને વાપરી રહ્યા છે; આવો કર્તા-હર્તાપણાનો ભાવ એ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો પાયો છે. પ્રભુ તો મને એવા ગુણાતીત સંત-પ્રગટ ગુરુ દ્વારા મળ્યા જ છે, પણ હવે મારા જીવનમાં જે કંઈ પણ થઈ રહ્યું છે, કરી-કરાવી રહ્યા છે તે મારા ગુરુના સંકલ્પથી પ્રભુ જ કરાવી રહ્યા છે. કારણ કે, તેઓ આપણું આધ્યાત્મિક ઉત્થાન ઇચ્છે છે.

અમને સંતોને ગુરુહરિ સાહેબદાદાએ સુંદર સ્વાધ્યાય આપ્યો છે. જે મકાનમાં અમે રહીએ છીએ એ મકાનના એક-એક ઓરડામાં નિવાસ કરતા જે સંત, તેઓની સ્મૃતિ કરીને તેઓ નિર્દોષ છે અને દિવ્ય છે. એમની દિવ્યતાનો સુખદ અનુભવ મારા જીવનમાં, તેઓ મારી સાથે જ્યારે સંપર્કમાં છે, સંબંધમાં છે એટલે કે હયાત છે ત્યારે મારે આ વાતને દૃઢ કરી લેવી છે. કારણ કે, શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના એ સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસના છે. પૂર્વે થઈ ગયા તે નહીં, પણ હાજર વર્તમાનકાળે મને જે મળ્યા છે, અને જેમના સંબંધ-સંપર્કમાં હું છું એમના દ્વારા પ્રભુ મને નિત નવું કાંઈક દર્શન કરાવી રહ્યા છે. આપણા તંત્રને દિવ્યભાવમાં રાખવા માટેનો પ્રાથમિક સ્વાધ્યાય આપણે સવારથી ઊઠ્યા ત્યારથી જો શરૂ કર્યો હોય તો પ્રભુ અનેક સ્વરૂપે, અનંત રીતે આપણને ક્ષણે-ક્ષણે અને પળે-પળે એમની અદ્‌ભુત દિવ્યતાનાં દર્શન કરાવતા જાય છે અને પ્રેમપૂર્વક શ્રી ગુરુના માધ્યમ દ્વારા આપણે પ્રભુની ભક્તિ કરતા રહીએ એની સતત આપણને પ્રેરણા કરતા હોય છે. સંપ, સુહૃદભાવ ને એકતા, સુસંવાદિતા ને સુમેળતા એ જબરું બળ છે. અને એ ત્યારે થાય જ્યારે આપણને સંબંધવાળા મુક્તો સાથે સંબંધના માહાત્મ્યની પ્રધાનતા થાય ને ત્યારે એમની સાથે સહજભાવથી સહૃદયતા થતી જાય છે.

આવો સુંદર સ્વાધ્યાય આપણે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વથી શરૂ કરવાનો રૂડો સંકલ્પ કરીએ છીએ. આપણી સમજણ, આપણી ભક્તિ, આપણી ભાવના પ્રમાણે આપણે ગુરુનાં પૂજન તો કરીશું, પણ સાથે સાથે આપણા હૃદયમાં આ ભાવના ધરીશું કે, આપના સ્વરૂપને વિશે અમારી દિવ્યતા વધતી જાય, મનુષ્યભાવ અમારો ઘટતો જાય અને આપના સંબંધવાળા જે ભક્તો છે, જે મુક્તો છે, જે સંતો છે, જે અમારા સાથીદારો છે ને જે અમારા પરિવારના સદસ્યો છે તેમને વિશે પણ અમને તમારા સંબંધનો ભાવ વિશેષપણે કરીને દૃઢ થતો જાય તેવી મંગલકૃપા આપ વરસાવો એવી અમે આપની પાસે એક શિષ્ય તરીકે, એક સેવક તરીકે પ્રાર્થના કરીએ છીએ.

આપણને ગુરુપરંપરા અને શિષ્યના પરમભાવની વાત ભગતજી મહારાજથી માંડીને બ્રહ્મસ્વરૂપ સાહેબજી મહારાજ સુધીનાં દૃષ્ટાંતો દ્વારા શિખવા, સમજવા ને સમજાવવામાં આવી છે. એ વાતની સ્મૃતિ સાથે આપણા ખાનદાનને, આપણા ગૌરવને અને એની ધન્યતાને હંમેશાં હૃદયને વિશે ધારીને, એ ધન્યતાના ભાવથી આજની ઘડીએ મને જે કંઈ પણ પ્રાપ્ત થયું છે એનો લાભ હું મારા જીવન-આચરણ દ્વારા પ્રાપ્ત કરી શકું એવી સતત જાગ્રતતા રાખીને, આપણાથી થાય એટલો થોડોક પ્રયત્ન કરીએ. તો વડીલો ને સંતોએ આશીર્વાદ આપ્યા છે એ પ્રમાણે આપણે જો એક ડગલું ચાલીશું તો પ્રભુ સામેથી બાકીનાં ૯૯ ડગલાં ચાલીને આવશે – જેને આપણે ગુરુકૃપા કહીએ છીએ.

કોઈ સાધને કરીને આપણે કશું પણ પ્રાપ્ત કરી શકવાના નથી. પણ એમની પ્રસન્નતા જેમાં છે, જેમની વાત આપણે વર્ષોથી સાંભળી છે એ વાત ખરેખર સમજીને સ્વીકારી હોય તો એ પ્રમાણે જીવવાનો આજે આપણે એક શિષ્ય તરીકે, એક સેવક તરીકે રૂડો સંકલ્પ કરીએ કે, આપણા સૌનુંય જીવન દિન-પ્રતિદિન વધુ ને વધુ ગુરુમુખી બનતું જાય. ગુરુમુખી જીવન એટલે બે હાથ જોડવા અને તેઓ કહે તેમ કરવું-એ ગુરુમુખી જીવનના સ્વાધ્યાયનો પાયો છે. ગુરુનાં વચન, એમની આજ્ઞાનું પાલન અને એના પરિણામે આપણા ઉપર થતી ગુરુની પ્રસન્નતા આપણને પ્રભુના સુખે સુખિયા કરે છે.

ગુરુહરિ સાહેબદાદાને આપણે આઠેય પહોર સહજાનંદમાં રહેતા જોયા, જાણ્યા ને અનુભવ્યા છે, તો એમના સેવક તરીકે આપણે સૌ પણ આનંદ અને ગૌરવપૂર્વક ભગવાનની ભક્તિથી ભર્યા ભર્યા રહીએ એવી કૃપા વરસાવે તેવી શ્રી ગુરુચરણે શ્રી પ્રભુચરણે મંગલ પ્રાર્થના !

સર્વને ફરીથી ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ ! ◆

Emotional Intelligence: The Gift We Give Our Children

~ Saheli Sheth (Peoria, USA)

Acceptance of All Emotions

What happens if you take a soda can, shake it up, and then open it? It overflows and spills! In the same way, our feelings overflow and spill into other areas of our lives if we ignore them or don't talk about them.

Satsang is so unique because it teaches us the brilliant skill of *emotional intelligence,* which means **learning to become friends with our own emotions.**

Sadguru Sant Pujya Shantidada's beloved *sevak*, Pujya Seemadidi, exemplifies how to accept uncomfortable emotions. A couple of times, I've cried in her presence when I miss Shantidada. Her reaction is profound; she'll put her hand on mine and cry with me. The purpose of her crying isn't to turn the attention toward herself, but rather, to show that she understands. She doesn't see crying as a weakness. She doesn't try to put a false Band-Aid on our grief by saying "He's in a better place now" or "At least he's not in any pain." She never tries to 'fix' or take away the unpleasant feeling.

Instead, she prays for strength for us. With her hand still on mine, she'll close her eyes and do *dhun* for me through her own tears. Her powerful prayer for me serves another purpose: It protects her from becoming overly worried about me. **She remains strong so that I can borrow strength from her.**

Seemadidi provides a comforting presence for others' pain because she is not scared of her own emotions. After Pujya Shantidada's passing, she shared with me that whenever she cries, she doesn't question why she's crying; she simply allows her tears to come, without any judgment, and accepts them as an emotional release. When we are able to accept the full range of our emotions, we teach our children that they are allowed to do the same.

Teaching Children the Right Ways of Channeling Uncomfortable Emotions

Through our own actions, our children learn how to channel their feelings. For example, think back to what your parent(s) or guardian(s) did when they were stressed, upset, or angry.

Did they shout?

Did they use alcohol or tobacco to numb the pain?

Did they sleep for hours to avoid the pain?

Did they take the anger out on someone else?

OR

Did they take a deep breath and go to their room to calm down?

Did they create art?

Did they talk openly about how they're feeling?

Did they pray and talk to God about it?

We often learn by what we witnessed growing up. Just as we learned by watching our parent(s), our children learn by watching us. To teach our children how to channel their uncomfortable feelings, we may first compassionately and honestly ask ourselves: **What do *we* do when we are upset, stressed, overwhelmed, anxious, or angry?**

Do we raise our voices, or do we go for a walk?

Do we start overthinking, or do we write our thoughts down to clear our minds?

Do we ignore our feelings until we lose our temper, or do we connect with our friends and community for support?

Do we distract ourselves by scrolling through our phones or watching excessive TV, or do we talk about it with someone?

Engaging in exercise, spending time in nature, writing, meditating, creating art, and talking to a support person are just a few of the many excellent ways to process our emotions. None of us wants our kids to be like exploding soda cans, spilling their feelings onto others. To help our kids become friends with their emotions, may we first lovingly become friends with our own feelings. And if we ever need a community to turn to for support, our satsang family is here with open arms. ◆

॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ બિમલભાઈ શેઠ (પિયોરિયા, યુ.એસ.એ.)

“હે જશુભાઈ સાહેબ, તમે સંકલ્પ ન કરો તો તમારી ખોટ અને તે પૂરા ન કરીએ તો અમારી ખોટ” - યોગીબાપાએ સાહેબદાદાને આપેલાં આ અખંડ રાજીપાભર્યાં આશીર્વચન ! અને એવા આપણા સાહેબદાદા, કે જેમના સંકલ્પ સિદ્ધ કરવાને બ્રહ્માંડની તમામ શક્તિઓ ભેળી થઈ જાય- તે ગુરુહરિ, જો આપણને આજ્ઞા આપે તો ? ધારે તો તે કોઈને પણ નિમિત્ત બનાવી, પ્રભુપ્રેરણારૂપી તેમનું કાર્ય કરાવી શકે છે, પણ પ્રભુકૃપા કે જેવા છીએ તેવા આપણને સ્વીકારી, તે માટે નિમિત્ત બનાવે છે. તેમાંયે આપણે તો માત્ર એક જ ડગ ભરવાનું છે, બાકીનાં ૯૯ તો તેઓ જ દોડીને આવે છે ને ! સંકલ્પના પ્રણેતા પણ ગુરુ અને તે સંકલ્પસિદ્ધિના બળપ્રેરક પણ તેઓ જ, આપણે તો માત્ર તેઓની મરજીમાં ભળવાનું જ છે. અને ગુરુ જ્યારે આજ્ઞા આપે ત્યારે ‘આજ્ઞા ભેળી મૂર્તિ’ તે માટેની પ્રાર્થનાનું બળ પણ તેઓ જ પૂરું પાડે છે. આમેય આપણને આજ્ઞા આપવામાં ગુરુનો પોતાનો ક્યાં કોઈ નિજિ સ્વાર્થ હોય છે ? તેઓ તો આપણા આત્માના ઉત્થાન માટે, આપણા જીવની પાત્રતા ઘડવાને, આપણા અંતઃકરણને ઊજળું કરી પ્રભુચરણે ધરવાને; જોવા જઈએ તો ગુરુ જ્યારે આજ્ઞા આપે ત્યારે જ ગુરુએ આપણને પોતાના ગણી શિષ્યરૂપે સ્વીકાર્યા.

આમ તો લગભગ ૨૦૦૮થી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા અમારા જીવનમાં આવ્યા અને એમના અવિરત પ્રેમને લીધે જીવનમાં અને જીવમાં ક્યારે સત્સંગ અને ગુણાતીત સત્પુરુષ બેસી ગયા તેની તો ખબર જ ના પડી ! અને અમારા આખાય પરિવારને નાની-મોટી કાંઈક કેટલીયે આજ્ઞા આપી. સંતપ્રીતિ તો એવી બંધાવા લાગી હતી કે તે આજ્ઞાઓ દાદાની જ પ્રાર્થનાના બળે પાળવાનું તાન પણ વધતું રહ્યું.

૨૦૧૫નો એ સમય કે જ્યારે પૂ. શાંતિદાદાએ સહેજમાં જ તિલક-ચાંદલો કરવાની આજ્ઞા આપી અને બીજા દિવસની પૂજામાં દાદાએ સ્વહસ્તે જ ભાલે તિલક-ચાંદલો કરી આપ્યો. છતાંયે પ્રશ્ન તો મનમાં હતો જ કે, ‘મૉર્ગન સ્ટેન્લી’ જેવી અમેરિકાની મોટી ઇન્વેસ્ટમૅન્ટ કંપનીમાં રોજ જઈએ અને આમ તિલક-ચાંદલો કરીને જવાનું ? પણ મનમાં મારા એ પ્રશ્ન સાથે પ્રાર્થનાનું બળ પણ દાદાનું જ હતું એટલે તિલક-ચાંદલો કરીને કંપનીમાં પહોંચ્યા. શરૂઆતના ત્રણ દિવસ તો આછો-પાતળો તિલક-ચાંદલો કે જે ભાલ પર બહુ દેખાય નહીં એ રીતે કર્યો, પણ કંપનીના જ એક અમેરિકન સહકર્મચારીએ પ્રશ્ન પૂછ્યો કે, ‘કપાળ પર આ શું છે ?’ ત્યારે ગુરુઆજ્ઞા વિશે વાત થઈ અને ત્યારે મારા એ સહકર્મચારીએ સામો પ્રશ્ન કર્યો કે, ‘તો આ વચ્ચે જે ચાંદલો છે તે લાલ રંગનો ન હોવો જોઈએ ?’ હવે એ સહકર્મચારીમાંથી ભગવાન જ બોલ્યા તે સમજાઈ ગયું અને બીજા દિવસથી ખુમારીભર્યો તિલક-ચાંદલો કરીને કંપનીમાં જવાનું શરૂ થઈ ગયું. જેને જે કહેવું હોય તે કહે, ભગત કહે તો ભગત પણ આપણે તો ગુરુઆજ્ઞા પાળી જ લેવી છે. પ્રસંગો તો એ પછી પણ તિલક-ચાંદલાને લઈને ઘણા થયા.

એક વખત મોગરીની સભામાં મારી બરાબર આગળ સાધુ પૂ. મનોજદાસજી બિરાજમાન હતા અને સ્ટૅજ ઉપરથી સંતભગવંત સાહેબદાદા પૂ. મનોજદાસજીના જીવનમહિમાની વાત કરી રહ્યા હતા, તે સાથે જ પૂ. મનોજદાસજી ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ...’ મંત્રજાપ કરી રહ્યા હતા કે, જાણે-અજાણે સંતભગવંત સાહેબદાદાના તે માનભર્યા શબ્દો પોતાના મનમાં ઘર ન કરી જાય. પૂ. મનોજદાસજીના દાસત્વભર્યા જીવનનો તે પ્રસંગ મન-સ્મૃતિમાં કંડારાઈ ગયો. અને જ્યારે અહીં અમેરિકાના એક મિત્રવર્તુળમાં તિલક-ચાંદલાને જોઈને કોઈકે મજાકથી અપમાન કર્યું. અને તે અનુભવાયું, જાગ્રતતાથી જાણપણું થયું કે, હજી જીવમાં માન તો ભારોભાર છે. ત્યારે ‘માન તારા ચરણે, અપમાન તારા ચરણે, અમે રહ્યા પ્રભુ-તારા શરણે’; તે પ્રાર્થના સાથે પૂ. મનોજદાસજીનો આ પ્રસંગ યાદ આવી ગયો અને ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ ધૂન સહજ જ રીતે મનમાં થઈ ગઈ. કદાચ જો જીવનમાં સત્સંગ ન હોત તો એક, બે અને અઢી કરી, ધારદાર પ્રત્યુત્તર પણ વાળ્યો હોત; પણ, ગુરુના રાજીપાનું ધ્યાન અને ગુરુની પ્રાર્થનાના બળે ત્યારે તે પ્રસંગે અનુવૃત્તિ સમજી ખમતાં શિખાયું અને સમતામાં રહી શકાયું.

પ્રાર્થના કરું કે, તિલક કરતી વેળાએ શાંતિદાદાની અનુવૃત્તિ પ્રમાણેનું મર્યાદામય મારું વર્તન રહે, મધ્યમાં ચંદનનો ચાંદલો કરતા સાધુ પૂ. અશ્વિનદાદાના રાજીપા પ્રમાણેની પવિત્ર વિચારધારા રહે અને તે ચંદનના ચાંદલા ઉપર કુમકુમથી ચાંદલો કરતા સાહેબદાદાની જેવી પરાવાણી છે તેવી સંયમિત વાણી રહે; અને આમ, જ વિચાર-વાણી-વર્તન ગુરુસ્મૃતિ સાથે પ્રભુને રાજી કરવાના ભાવ પ્રમાણેનાં રહે તે જાગ્રતતાથી તિલક-ચાંદલાની આજ્ઞા પળાય.

ગુરુઆજ્ઞા - ગુરુવચન એટલે ગુરુનો આપણા પરનો વિશ્વાસ, ગુરુએ શિષ્ય તરીકે કરેલો સ્વીકાર ! અને તે આજ્ઞા, તે સંકલ્પ, કે જે ગુરુની જ પ્રાર્થનાના બળે પરિપૂર્ણ થશે તેવી શિષ્યની ગુરુ પ્રત્યેની શ્રદ્ધા !

૨૦૧૬માં જ્યારે પૂ. શાંતિદાદા પિયોરિયા પધરામણી કરી ત્યારે પ્રભુમૂર્તિ સન્મુખ બે હાથ જોડી વિનવી રહ્યા હોય છે અને અચાનક પ્રભુપ્રેરણાએ તેઓના શ્રીમુખેથી ઉદ્‌ગાર સરી પડે છે કે, શિકાગો ઍરપૉર્ટ પર કોઈ ઊતરે અને પૂછે કે, આપણું અનુપમ મિશનનું મંદિર ક્યાં ? તો સીધા જ અહીં આવે-તે શાંતિદાદાનો સંકલ્પ વહાલા સાહેબદાદાની કૃપા ને આશીર્વાદથી ૨૦૨૪માં સાકાર થયો.

સંતોની પ્રેરણાથી અને સત્સંગી યુવાશક્તિના પરિશ્રમ થકી મંદિરનિર્માણ થવાની શરૂઆત થઈ અને સાહેબદાદાએ આરસની મૂર્તિ પધરાવવા માટે શાંતિદાદાના પ્રાગટ્યદિને સમૈયાનો સંકલ્પ આજ્ઞારૂપે જ્યારે કહ્યો ત્યારે મન-બુદ્ધિની ગણતરી તો શરૂ થઈ ગઈ કે, ઑગસ્ટમાં શાળાઓ ચાલુ થશે તો કોણ આવશે ? સત્સંગમંડળમાંથી પણ ઘણાનો એ જ પ્રતિભાવ આવ્યો કે, આ દિવસોમાં તો નહીં આવી શકાય. પણ દાદાની આજ્ઞા ૨૭ ઑગસ્ટ પ્રમાણે જ રહી. મંદિરજી મૂર્તિપ્રતિષ્ઠા પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિને થાય તેનાથી વધુ તો કરુણાકૃપા શી હોઈ શકે ?

છતાંયે એક પ્રશ્ન તો મનમાં હતો કે, પિયોરિયા મંડળમાં મુખ્ય છ સત્સંગી પરિવાર હતા અને જેમાંથી પાંચ પરિવાર છેલ્લા દોઢ વર્ષમાં જ પિયોરિયાથી સ્થળાંતર કરીને બીજે રહેવા ગયા છે તો હવે અહીં મંદિરમાં આવશે કોણ ? અને આપણે હમણાં દીકરીના લગ્નપ્રસંગે સ્વદેશ-ભારત જઈશું તો અહીં સેવા કોણ કરશે ? ત્યારે સંતભગવંત સાહેબદાદા મારો હાથ પકડીને ‘યોગીપ્રસાદ’માં લઈ જાય છે અને મહારાજની સામે ઇશારો કરી કહે છે કે, ‘એમની પર છોડી દો’ અને ત્યારે પૂ. મનોજદાસજી પણ પાસે આવીને કહે છે કે, ‘આ જ બે શબ્દો - ‘છોડી દો’ તેને જીવનમાં પકડી લઈએ.’ અને સમજાવ્યું કે, ‘આ પાંચ પરિવાર કે જેને આધાર માન્યા હતા તે સર્વ આધારને જેમનો આધાર છે તે પ્રાણાધાર મહારાજ સ્વયં મંદિરજીમાં બિરાજવા માટે પધારી રહ્યા છે તો શાની દ્વિધા અને શેનો ડર ? દ્રૌપદીએ પણ જ્યારે બે હાથ જોડી ‘હે કૃષ્ણ !’ કરી હાક મારી તો પ્રભુ વહારે આવ્યા, તેમ આપણે છોડીશું તો પ્રભુ પકડશે અને આગળનું બધું તેઓ જ ગોઠવશે.’ પૂ. અશ્વિનદાદાએ પણ કહ્યું કે, ‘તમારે કશું કરવાનું નથી, સંતો અને યુવાનો આવીને બધું જ ગોઠવી દેશે.’ અને બન્યું પણ એમ જ. હાથ-પગ હલાવ્યા વગર ક્યાં આ સમૈયો યુવાશક્તિ અને સંતોની પ્રેરણા-પ્રાર્થનાથી થઈ ગયો તે ખબર પણ ન પડી !

વહાલા સાહેબદાદા, અત્યાર સુધી તો ઘરમાં મંદિર હતું અને હવે ઘરને મંદિર બનાવ્યું છે. અને તે સાથે હવે સદાય અમારા હૃદયમંદિરમાં પણ પ્રભુ અખંડ બિરાજે તેવું આ દેહ, જંગમ મંદિર બને અને અમે આપને રાજી કરવાને પ્રભુના કાર્યના વાહક બનીએ તે પ્રાર્થના ! ◆

સંતભગવંત સાહેબજીને વંદન !

સંધ્યા - ઉષાનો છે ઉજાસ જેમાં
તત્ત્વ સુમનની પણ સુવાસ જેમાં
ભગવાન સાથે છે દાસ જેમાં
ગગનનું રૂપાળું છે હાસ જેમાં
વંદનનો આખો ઇતિહાસ જેમાં
તમે-અમેનો છે વાસ જેમાં
સારપનો કાયમ છે પ્રાસ જેમાં
હેતે પડેલા છે ચાસ જેમાં
બધું એ રમે છે ત્યાં રાસ જેમાં
જીવન નામથી છે ત્યાં આસ જેમાં
- તેવા **સંતભગવંત સાહેબજી**ને વંદન !

~ ભાસ્કર ભટ્ટ (રાજકોટ)

સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદાના પ્રાગટ્યપર્વે

નામ જેટલો જ અનુરાગ હું જીવનનો રાખું,
વાટ પકડી અક્ષરધામની સંદેહ શેં રાખું.

યોગીના બોલે બંધાયાં હૃદય ભગવાં કરી જાશું,
જશુના કેળવ્યા અમે સૌ જશ લઈ જાશું.

સાથે સાહેબ, ને હૃદયમાં યોગીજીને હું રાખું,
પછી રતિભાર મારાપણાનો મોહ કેમ કરી રાખું.

કૉલેજમાં શિક્ષા ને હૉસ્ટેલમાં ‘શિક્ષાપત્રી’ હું રાખું,
હવે મારું જ ભવિષ્ય હું કેમ કરી ભાખું.

વરઘોડો કઢાવવા તો સ્હેજમાં પીએચ.ડી. કરી નાખું,
રતિભાર તમને સંદેહ, હું તો જરાય ન રાખું.

ખેતી યોગીની, બાંધકામ ગુણાતીતનું બધાંમાં હાજી... હાજી...
ઊંચકું તપેલાં, ને ‘તપેલાં’ને ઠંડાગાર કરી નાખું.

હૃદયમાં આવી થોડી અડચણ હું બાયપાસ કરી નાખું,
ઢીંચણ ક્યા ખેતરનું ખોડીબારું, હું રિપ્લેસ કરી નાખું.

સોંપે એટલું બધું કરવાનું, માળા હું હાથમાં રાખું,
લાવો કોઈ પણ કામ હું અંગૂઠે કમાડ ખોલી નાખું.

~ હિતેશભાઈ વૈષ્ણવ
(શારદા મંદિર સ્કૂલ, નડિયાદ)

'મહિમા બોક્સ'

લાગણીઓના ભાવનાત્મક ચકડોળના ઉતાર–ચઢાવથી ઉપર ઊઠીએ

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

એક દિવસ હું ઍરપૉર્ટની બહાર ઊભી હતી ત્યારે અચાનક બે બાળકો ઉમંગભેર ઝડપથી દોડતાં મારી બાજુમાંથી પસાર થયાં. 'આજે અમે પપ્પાને મળીશું, આજે અમે પપ્પાને મળીશું.' એમ હર્ષભેર બોલતાં બોલતાં તેઓ ઍરપૉર્ટની અંદર દોડી ગયાં. આવું સુંદર દૃશ્ય જોઈને મને અત્યંત આનંદ અનુભવાયો.

જ્યારે આ બાળકો દોડીને અંદર જઈ રહ્યાં હતાં ત્યારે એક બુઝુર્ગ માણસ ઍરપૉર્ટના દરવાજામાંથી બહાર નીકળી રહ્યા હતા. એમના હાથમાં ઘણું વજન હોવાથી તેઓએ સંતુલન ગુમાવ્યું અને દરવાજા સાથે અથડાઈને ફરસ પર પડી ગયા. કેટલાક લોકો તેમને મદદ કરવા દોડી આવ્યા. મને લાગ્યું કે, તેમના પરિવારના કોઈ હશે, પણ ઊભા થઈને પેલા બુઝુર્ગ જ્યારે જમણી તરફ ફર્યા ત્યારે તેઓને મદદ કરનારા તો ડાબી તરફ ચાલી નીકળ્યા હતા. અને પછી એ બુઝુર્ગ એકલા પોતાની કાર તરફ ચાલવા લાગ્યા. આ દૃશ્ય જોઈને મને વિષાદ, શોક અને બેચેનીની લાગણી અનુભવાઈ.

એકબીજાથી એક મિનિટ કરતાં પણ ઓછા સમયમાં બનેલા આ બે પ્રસંગોમાં મેં બે તીવ્ર વિરોધાભાસી લાગણીઓનો અનુભવ કર્યો : બાળકોનો તેમના પિતાની સાથેના પુનર્મિલનનો આનંદ અને પડ્યા પછી ઊભા થઈને એકલા ઘરે જતા બુઝુર્ગ માણસનું દુઃખ. મારા મનના બે આગંતુકો – આનંદ અને દુઃખ બંને હંમેશાં હાથમાં હાથ નાખીને સાથે આવે છે અને એ બંનેની વચ્ચે હું લાગણીઓના ભાવનાત્મક ચકડોળના ઉતાર–ચઢાવ પર અનિયંત્રિત રીતે ઝૂલતી રહું છું. અચાનક એક સ્પષ્ટ વિચાર મનમાં આવ્યો કે, **સત્સંગ દ્વારા તમને આ વસ્તુથી રક્ષા કરવાનો જ પ્રયાસ થઈ રહ્યો છે.** અને એ વિચારની સાથે જ મારી બધી લાગણીઓ એક બાજુ પર ધકેલાઈ ગઈ.

સત્સંગ આપણને માનસિક શાંતિ અને સ્થિરતા આપીને જીવનના ઉતાર–ચઢાવથી રક્ષણ આપે છે. મને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીને ગમતો શબ્દ યાદ આવે છે : સમતા, આપણને લાગતી સારી અને ખરાબ પરિસ્થિતિમાં સ્થિર રહેવાની ક્ષમતા.

આપણા ગુરુ એટલા બધા પ્રેમાળ છે કે, તેઓ ઇચ્છતા નથી કે આપણે આપણા જીવનમાં ઉતાર–ચઢાવનો અનુભવ કરીએ. પણ તેઓ તો આપણે સ્થિરતાનો–સમતાનો અનુભવ કરીએ તેવું ઇચ્છતા હોય છે. આવી સમતાની સ્થિતિ આપણે કેવી રીતે પ્રાપ્ત કરવી તે તેઓ પોતાના ઉપદેશ દ્વારા ઉજાગર કરતા હોય છે.

મારો પરિવાર ગુરુહરિ સંતભગવંત સાહેબજીના એક ઉપદેશ અને તેઓના પ્રિય સૂત્ર : 'સવળું વિચારો, બાકીનું તેની પાછળ આવશે...'થી પ્રભાવિત થયો હતો. મારાં માતા-પિતાએ બૂટના એક ખાલી ખોખાનો સરસ ઉપયોગ કર્યો હતો. તે ખોખામાં એક ખાંચો કરીને તેને 'મહિમા બોક્સ' એવું નામ આપ્યું હતું. દિવસમાં એક વખત પરિવારના દરેક સભ્ય એકબીજાંની સરાહના કરતું કંઈક એક ચિઠ્ઠીમાં લખીને ખોખાના ખાંચામાં સરકાવી દેતા. દરેક મહિનાના અંતે અમે એ સૌ એ ખોખું ખોલીને બધી ચિઠ્ઠીઓ વાંચવા માટે ભેગાં થતાં. આવી મહિમા–બેઠકના અંતે અમે સૌ વધુ ગુણગ્રાહ્યતા, હકારાત્મકતા અને સમતા અનુભવતા.

સાહેબજીની સમતામાં રહેવાની શિખ આપણને સત્સંગ ઉપરાંત પણ ઘણી જગ્યાએ ઉપયોગી થાય છે. તાજેતરમાં જ મારી એક યુવા ક્લાયન્ટે મને જણાવ્યું કે, 'મારી મમ્મી મને કહે છે કે, મારી સાથે વાત કરવી જ તેને કંટાળો ઉપજાવે છે.' તેઓના વાર્તાલાપનો ૭૫ ટકા સમય તો વાદવિવાદમાં જ જતો હોય છે. માતા–દીકરીના સંબંધમાં રહેલી તેઓની આવી નકારાત્મકતા દૂર કરવી જરૂરી હતી. તેઓએ એકબીજાંની સાથે સંવાદિતા ઊભી કરવા માટે જાગૃત પ્રયાસ કરવાનું નક્કી કર્યું. એટલે મેં તેને પરસ્પર વધુ હકારાત્મક સંવાદ સાધવા માટે 'મહિમા બોક્સ' જેવું બોક્સ મૂકવાનું સૂચન કર્યું. અમારે આટલી વાત થઈ ત્યાં તો રૂમમાં વાતાવરણ એકદમ હળવું થઈ ગયું. અને પરિવાર માટે એક સુંદર બોક્સ સજાવવાના કામ માટે તરત ઘરે જવાનું એ દીકરી રોકી ના શકી.

પરિવારમાં લેખિત કે મૌખિક રીતે સકારાત્મક સંવાદ વધારવા માટે ઉપયોગી બની શકે એવાં નીચે જણાવેલાં કેટલાંક સૂચનો ધ્યાનમાં લેવા જેવાં છે :

* ભગવાનના કયા સર્જન માટે તમારે આભાર માનવો જોઈએ ? (જેમ કે, પુસ્તકાલયો, પ્રકૃતિ, સૂર્યપ્રકાશ, પરિવાર વગેરે)
* આપણે શેના માટે એકબીજાનો આભાર માનવો જોઈએ ? (એકબીજાં પ્રત્યે આભાર દર્શાવવાની કેટલીક તકો હોય છે – જેમ કે, આપણા જમવાનું ધ્યાન રાખવા બદલ, આપણે જ્યારે ઘરે આવીએ ત્યારે ઉત્સાહપૂર્વક આવકારવા બદલ વગેરે.)
* તમારે તમારો પોતાનો આભાર શા માટે માનવો જોઈએ ? (તમારી વ્યક્તિગત સિદ્ધિઓ પ્રતિ આભાર વ્યક્ત કરવાની કેટલીક તકો હોય છે – અને ત્યારે તે સિદ્ધિ નાની હોય કે મોટી હોય તે મહત્ત્વનું હોતું નથી.)

દરેક પરિસ્થિતિમાં સવળું જોવાથી જીવનમાં આવતા ઉતાર–ચઢાવની આપણી પર ઓછી અસર થાય છે, કારણ કે, સવળું જોવાથી આપણે હંમેશાં આનંદનો અનુભવ કરી શકીએ છીએ. આખરે **તો ભગવાનના દિવ્ય હસ્તે પહેલેથી જ બધું લખાયેલું હોય છે તેમ સમજી દરેક પરિસ્થિતિમાં સવળું જોવું એ જ તો સમતા છે.** ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'–સપ્ટેમ્બર, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)

સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી

૧ સપ્ટેમ્બર, સોમવાર... ઈંગ્લૅન્ડ સ્થિત ડેન્હમ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. બિંદુબા-બારીન્દ્રભાઈના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી, કીર્તન-ભક્તિનો લાભ લીધો. ભારત પરત પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોને રાત્રિસભામાં વિદાયની શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં.

૨ સપ્ટેમ્બર, મંગળવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, સ્થાનિક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

૩ સપ્ટેમ્બર, બુધવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, પૂ. રૂપેનભાઈ વાઢેરાને મુલાકાત -ગોષ્ઠિનો લાભ આપ્યો. જળઝીલણી એકાદશી નિમિત્તે મંદિરજીમાં શ્રી ઠાકોરજીના અભિષેક કરી જળવિહાર કરાવ્યો. ત્યારબાદ ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને સભામાં દર્શન-સમાગમનું સુખ આપ્યું, વિશેષ કરીને જળઝીલણી એકાદશીના મહિમાની વાતો કરી. ભારત પરત પધારતા સંતો-ભક્તોને વિદાયની શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં.

૪ સપ્ટેમ્બર, ગુરુવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. ભારત પરત પધારતા સંતો-ભક્તોને વિદાય આપવા માટે હિથ્રો ઍરપૉર્ટ પધાર્યા. સાંજે ક્વિન્સબરીમાં પ્રજ્ઞેશભાઈ-અનુજાબહેનના ઘરે વૅમ્બલી, ઈસ્ટલંડન, કિંગ્સબરી ત્રણ મંડળની ભેગી સભામાં પધારી સૌને દર્શન-આશીર્વાદ આપ્યાં.

૫ સપ્ટેમ્બર, શુક્રવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, ઉપસ્થિત સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો. લૉર્ડ ડોલર પોપટને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો તેમજ સ્થાનિક ભક્તોને પણ ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો.

૬ સપ્ટેમ્બર, શનિવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, અઠવાડિક સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

૭ સપ્ટેમ્બર, રવિવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'મૉન્ટે મૅમોરિયલ'ની સ્મૃતિમાં હિલિંગ્ડન 'સ્પૉર્ટ્સ ઍન્ડ લૅઝર સૅન્ટર'માં પધારી સૌ યુવકોને દર્શન આપી આનંદ કરાવ્યો. ચંદ્રગ્રહણ નિમિત્તે રાત્રે મંદિરજીમાં કીર્તન-ભક્તિ અર્પણ કરી.

૮ સપ્ટેમ્બર, સોમવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, લૅઈસ્ટર પધારી ગીતાબહેન-સુનીલભાઈ કોટેચાના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી, ગોષ્ઠિનો લાભ આપ્યો. દર્શનાબહેન-વિજયકુમારના ફ્લૅટ પર પધારી ધૂન-પ્રાર્થના કરી. ગજેન્દ્રભાઈ છત્રીશાના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી તેઓના પુત્ર મિલનભાઈ અને પરિવારને આશીર્વાદ આપ્યા. ઈન્દિરાબહેન-બચુભાઈ મોરઝરિયાના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. વિજયકુમારના ઘરે પધારી પરિવારજનો સાથે સભામાં પધારેલા સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

૯ સપ્ટેમ્બર, મંગળવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન- ધૂન-પ્રાર્થના કર્યાં.

૧૦ સપ્ટેમ્બર, બુધવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં ભારત પરત પધારતા ભક્તોને વિદાય વેળાએ શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યાં.

૧૧ સપ્ટેમ્બર, ગુરુવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સી. બી. પટેલના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ગોષ્ઠિમાં જૂનાં સંસ્મરણો વાગોળી આનંદ કર્યો. વિનુભાઈ નકારજાના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી ગોષ્ઠિનો લાભ આપ્યો.

૧૨ સપ્ટેમ્બર, શુક્રવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

૧૩ સપ્ટેમ્બર, શનિવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. બોરેહમવુડમાં નીતિનભાઈ પલાનના આમંત્રણને માન આપી 'હિન્દુ હારમની કૉન્ફરન્સ'માં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. બપોર પછી હિથ્રો ઍરપૉર્ટ-લંડનથી ઉપસ્થિત સ્થાનિક ભક્તોની ભાવભરી વિદાય લઈને સ્વીડન પ્રતિ પ્રયાણ કર્યું. સ્વીડનના સ્ટૉકહૉમ ઍરપૉર્ટ પર દર્શનભાઈ લાખાણી અને મિત્રમંડળના સ્વાગતના ભાવનો સ્વીકાર કરી સૌને આશીર્વાદ આપ્યા.

૧૪ સપ્ટેમ્બર, રવિવાર... દર્શનભાઈ લાખાણી અને ચારુબહેનના મિત્રમંડળ દ્વારા યોજેલ સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. દૃષ્ટિબહેન-ચિરાગભાઈ અને દિશાબહેન-દર્શનભાઈના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી, આશીર્વાદ પાઠવ્યા.

૧૫ સપ્ટેમ્બર, સોમવાર... સ્ટૉકહૉમની રિવરમાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં અસ્થિપુષ્પ કળશનાં પૂજન, પુષ્પાંજલિ, ધૂન-પ્રાર્થના અર્પણ કર્યાં. વડીલ સાધુ પૂ. હિંમત સ્વામી અને સંતો-ભક્તોની હાજરીમાં નદીમાં અસ્થિપુષ્પનાં વિસર્જન કર્યાં. સાંજે

'અક્ષરપુરુષોત્તમ છાત્રાલય'-વલ્લભવિદ્યાનગરના ભૂતપૂર્વ યુવકો દર્શનભાઈ, ડેનિશભાઈના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી સભામાં આશીર્વાદ પાઠવ્યા.

૧૬ સપ્ટેમ્બર, મંગળવાર... સ્વીડન સ્ટૉકહૉમમાં જ્યાં નોબલ પ્રાઇઝ એનાયત થાય છે ત્યાં સંતો-ભક્તો સાથે મુલાકાત લીધી. ત્યાંથી સ્ટૉકહૉમ ઍરપૉર્ટ પર દર્શનભાઈ લાખાણીને આશીર્વાદ આપી યુ.કે. પ્રતિ પ્રયાણ કર્યું. હિથ્રો ઍરપૉર્ટ ઉપર પર સ્વાગત કરવા માટે પધારેલ સંતો-ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો. ઍરપૉર્ટથી બ્રહ્મજ્યોતિ પધાર્યા. મંદિરજીમાં સંતો-ભક્તોએ સ્વાગત કર્યાં. સૌના ભાવનો સ્વીકાર કરી આશીર્વાદ પાઠવ્યા. શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. સાધુ પૂ. પીટરદાસજી અને પૂ. અશોકદાસજી અમૅરિકાની ધર્મયાત્રા કરી પરત યુ.કે. પધાર્યા, તેઓને આશીર્વાદ પાઠવ્યા. સ્વાગતસભામાં અમૅરિકાનાં વિચરણનો અહેવાલ સાંભળી પ્રસન્નતા વ્યક્ત કરી.

૧૭ સપ્ટેમ્બર, બુધવાર... મંદિરજીમાં સંધ્યાઆરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા.

૧૮ સપ્ટેમ્બર, ગુરુવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદાના ૮૭મા પ્રાગટ્યદિન નિમિત્તે રાત્રિસભામાં સૌ સંતો-ભક્તોએ મહિમાનું ગાન કર્યું.

૧૯ સપ્ટેમ્બર, શુક્રવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. યુ.કે.થી ભારત પરત પધારતા સાધુ પૂ. ગોરધનદાસજી અને પૂ. મણિદાસજીને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ આપ્યાં. ભરતભાઈ નકારજાના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી, આશીર્વાદ પાઠવ્યા. મેઘનાબહેન-ભાવિનભાઈના ઘરે ઈકનહામ મંડળની અઠવાડિક સભામાં પધારી આશીર્વાદ આપ્યા.

૨૦ સપ્ટેમ્બર, શનિવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ડેનિશા-શ્યામ રાયરેલના નૂતન આવાસમાં સંતો-ભક્તો સાથે મહાપૂજામાં પધારી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા.

૨૧ સપ્ટેમ્બર, રવિવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં સર્વપિતૃ શ્રાદ્ધની મહાપૂજામાં પધારી સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદ પાઠવ્યાં. સભામાં શ્રી શૈલેશભાઈ સગપરિયાનાં સ્વાગત-સન્માન કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે શૈલેશભાઈ સગપરિયાની સરદારકથામાં પધારી લાભ લીધો. ચિરાગભાઈ નકારજાના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી, દર્શન-આશીર્વાદ પાઠવ્યાં.

૨૨ સપ્ટેમ્બર, સોમવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સંધ્યાઆરતીનાં દર્શન કરી રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

૨૩ સપ્ટેમ્બર, મંગળવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ગુરુદેવ યોગીજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

૨૪ સપ્ટેમ્બર, બુધવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. લીવરપુલમાં અશોકભાઈ-વનિતાબહેન ગણાત્રાના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી સૌને બ્રહ્માનંદ કરાવ્યો. સાંજે કીર્તન-ભક્તિ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા.

૨૫ સપ્ટેમ્બર, ગુરુવાર... મંગલપૂજામાં અશોકભાઈ ગણાત્રા અને પરિવારજનોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. ત્યાંથી શૅફિલ્ડ ઈન્દુબહેન અને દીકરા શૈલેનભાઈ પોપટના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી. ત્યારબાદ પ.પૂ. શાંતાબહેનના સ્મૃતિસ્મારકમાં પધારી ધૂન-પ્રાર્થના કરી, પુષ્પાંજલિ અર્પણ કરી. પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી બ્રહ્મજ્યોતિ પધાર્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં.

૨૬ સપ્ટેમ્બર, શુક્રવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના નિરામય સ્વાસ્થ્ય માટે સૌ સંતો-ભક્તો સાથે સવાર-સાંજ જપયજ્ઞ આરંભ્યો. અનુપમ મિશન આયોજિત નવરાત્રીના ગરબામાં પધારી સૌ ભક્તોને દર્શન આપ્યાં અને તેઓની ભક્તિમાં ઉત્સાહ વધાર્યો.

૨૭ સપ્ટેમ્બર, શનિવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સુધાબહેન (લૉર્ડ ડોલર પોપટનાં બહેન)ના ૮૦મા જન્મદિવસ નિમિત્તે મંદિરજીમાં કીર્તન-ભક્તિનો લાભ લીધો. સભામાં સુધાબહેનને નીલકંઠવર્ણીની મૂર્તિ આપી, તેઓનું અભિવાદન કરી આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે ઉપસ્થિત પરિવારજનો, મહેમાનો અને સ્નેહીજનોને આશીર્વાદ પાઠવ્યા. પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના નિરામય સ્વાસ્થ્ય માટે સૌ સંતો-ભક્તો સાથે મંદિરજીમાં ધૂન-પ્રાર્થના કર્યાં.

૨૮ સપ્ટેમ્બર, રવિવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના નિરામય સ્વાસ્થ્ય માટે સૌ સંતો-ભક્તો સાથે મંદિરજીમાં ધૂન-પ્રાર્થના કર્યાં.

૨૯ સપ્ટેમ્બર, સોમવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સંધ્યાઆરતીનો લાભ લઈને ધૂન-પ્રાર્થના કરી. રાત્રિસભામાં ભાવિશાબહેન ટેલર અને દિગીશાબહેન અમૅરિકા અને કૅનેડાની યાત્રા પૂર્ણ કરી પરત પધાર્યાં, તેઓનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના નિરામય સ્વાસ્થ્ય માટે સૌ સંતો-ભક્તો સાથે મંદિરજીમાં ધૂન-પ્રાર્થના કરી.

૩૦ સપ્ટેમ્બર, મંગળવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. સતીશભાઈ ચતવાણી-હંસાબહેનના ઘરે પધરામણી કરી. ત્યાં રમેશભાઈ કણસાગરા-કલાબહેન પધાર્યાં હતાં તો સૌ સાથે ઘરમંદિરમાં સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. ◆

સત્સંગ સમાચાર

સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા પ્રાગટ્યપર્વ

*** પ્રજ્ઞાનતીર્થ, મોગરી :** સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના ૮૭મા પ્રાગટ્યપર્વની ભક્તિસભર ઉજવણી યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાસંસ્થાઓના સારસ્વતોએ ભેગા મળીને પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન, મોગરી ખાતે ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા, સાધુ પૂ. મનોજદાસજી અને સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં સૌએ અનેરી ભાવવંદના અર્પણ કરી. 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના કલાસાધકોએ ભક્તિનૃત્ય અને પ્રાર્થનાગાન કરીને ભાવ અર્પણ કર્યા. 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય', મોગરીના સારસ્વતોએ વિશિષ્ટ શૈલીમાં વક્તવ્ય પ્રસ્તુત કરી મહિમા ગાયો. 'શારદા મંદિર', નડિયાદના સારસ્વતોએ વિશેષ નાટ્યપ્રસ્તુતિ દ્વારા પૂ. રતિકાકાના જીવન-માહાત્મ્યને વર્ણવ્યું. સદાય સૌની સુખાકારી અને મંગલ માટે હાથમાં માળા લઈને પ્રાર્થનામાં રત રહેતા સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના પ્રાગટ્યપર્વની આ ઉજવણીનું મંચસુશોભન પણ તેઓની પ્રાર્થના-ભક્તિને અનુરૂપ વિશિષ્ટ રીતે માળાઓ દ્વારા કરવામાં આવ્યું. મોગરી, નડિયાદ, કચ્છ, શિણાય, વેમાર સ્થિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાસંસ્થાઓના પ્રતિનિધિઓએ વિવિધ પ્રકારે શુભેચ્છા-પ્રાર્થના પૂ. રતિકાકાના શ્રીચરણે અર્પણ કરી વંદનભાવ અર્પણ કર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી પૂ. રતિકાકાનાં જીવન-માહાત્મ્યનાં દૃઢાવ કરાવ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી અને શિક્ષણની સેવામાં પ્રામાણિક ભક્તિભાવે જોડાયેલા રહેવા માર્ગદર્શન આપ્યાં. ◆

*** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી :** સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના ૮૭મા પ્રાગટ્યપર્વની અદ્‌ભુત ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં ૧૮ સપ્ટેમ્બરના રોજ સાંજે કરવામાં આવી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. મનોજદાસજીની પાવન સન્નિધિ પ્રાપ્ત થઈ. પૂ. રતિકાકાનો પ્રાગટ્યદિન એટલે મોગરી મંડળની અઠવાડિક સત્સંગસભાનો સ્થાપના દિવસ ! આ સ્મૃતિને પણ સભામાં સાથે વણી લેવાઈ. સભા પ્રારંભે મોગરી મંડળના ભક્તો દ્વારા સુંદર સ્વાગત કરાયું. રવિસભાની દીકરીઓ આશ્વિ અને હશ્વિ દ્વારા ગુરુ માહાત્મ્યવંદના રૂપી ભક્તિનૃત્ય પ્રસ્તુત થયું. વળી, ગુરુસભાના યુવાનો દ્વારા ભજવાયેલ સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના જીવન પ્રસંગોનાં વિડીયરદર્શન કરી સૌએ તેઓના સેવા અને ભક્તિભર્યા જીવનની ઝાંખી મેળવી. બાળક શાલીન કાછિયાએ પૂ. રતિકાકાના ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજી સાથેના મેળાપ અને યાદગાર જીવન પ્રસંગોનાં વર્ણન કરી ભક્તિ અદા કરી. સભાનાં બાળકો, કિશોરો અને યુવાનો દ્વારા બનાવાયેલ સર્જનશીલ શુભેચ્છા કાર્ડ, કલગી અને ભેટ પૂ. રતિકાકાને અર્પણ કરી સૌએ ભાવસભર વંદના ધરી. મોગરી મંડળના ભક્તો વતી રસિકભાઈ પટેલે પ્રાસંગિક મહિમાગાન કર્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા અને સૌની ભક્તિને બિરદાવી તેમજ જીવનને વધુ રૂડું અને ઉજ્જ્વળ બનાવવા સંતો સાથે જીવની પ્રીતિ કરવા અને અઠવાડિક સત્સંગસભામાં હાજર રહેવાનાં માર્ગદર્શન આપ્યાં. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને આધ્યાત્મિક આનંદ માણ્યો.

પ્રાગટ્યદિનની પૂર્વ સંધ્યાએ ૧૭ સપ્ટેમ્બરના રોજ 'અક્ષરમહોલ'માં સંતો દ્વારા પૂ. રતિકાકાના પ્રાગટ્યદિનની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી. પ્રથમ પૂજન-પુષ્પમાળા અર્પણ કર્યા બાદ સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાને પ્રિય કીર્તનોનાં ગાન કરી સંતોએ ભાવ વહાવ્યા. ત્યારબાદ ઐતિહાસિક સ્મૃતિઓને ઉજાગર કરતા અણમોલ ફોટોગ્રાફ્સનાં મોટા સ્ક્રીન પર દર્શન કરી, તેની સાથે સંકળાયેલ મહિમાસભર પ્રસંગોની આનંદપૂર્વક સૌએ સ્મૃતિ કરી. સાધુ પૂ. રાજુદાસજીએ પ્રાસંગિક મહિમા ગાયો.

૧૯ સપ્ટેમ્બરના રોજ ચરોતર પ્રદેશ અને વિશેષ રીતે મોગરી મંડળના ભક્તોએ 'અક્ષરમહોલ'માં પૂ. રતિકાકાના પ્રાગટ્યપર્વની ઉજવણી કરી. આ પ્રસંગે પંકજભાઈ પટેલ અને પરાગભાઈ જોશીએ પ્રાસંગિક મહિમાગાન કર્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાને પસંદ હોય તેવી વાનગીઓના મોગરી મંડળનાં બહેનોએ ભાવથી બનાવેલ ૬ થાળ અત્યંત વિશિષ્ટ રીતે શ્રી ઠાકોરજીને ધરાવી પૂ. રતિકાકાને પ્રેમથી અર્પણ કર્યા, જે તેઓએ અપાર આનંદ સાથે ગ્રહણ કર્યા અને દિવ્ય સ્મૃતિઓ આપી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી દિવ્ય સંત્સગલાભ આપ્યો. ◆

નવરાત્રી પર્વ

સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી શક્તિની આરાધનાનું પાવન પર્વ સત્સંગી દીકરા-દીકરીઓ મંદિરજીમાં જ સંતો અને વડીલોનાં સાંનિધ્યે ગરબા રમી સુરક્ષિત વાતાવરણમાં ઉત્સવની ઉજવણી કરે તે હેતુથી અનુપમ મિશનનાં દરેક પ્રદેશ અને મંડળોમાં ગરબા ઉત્સવનાં આયોજન કરી અપાર ભક્તિભાવ સાથે આ પર્વ ઉજવાયું. અશોભનીય આનંદને બદલે યુવાઓ ભક્તિના આનંદને માણે અને પારંપરિક સંસ્કૃતિનાં જતન થાય

તેવા શુભ ભાવથી યોજિત આ ગરબા ઉત્સવમાં સત્સંગનાં સૌ દીકરા-દીકરીઓ હોંશભેર જોડાયાં, એટલું જ નહીં પરંતુ, પોતાના મિત્રોના અન્ય સ્થાને ગરબા ગાવા જવાના આગ્રહને વશ થવાને બદલે મિત્રોને પણ આવા શુભ સ્થાને અને સુરક્ષિત વાતાવરણમાં થતા ગરબા રમવા જોડ્યા. આવા સૌ યુવાધનને અનુપમ મિશનના સત્સંગ અને શુભ ભાવના અનુભવ થયા, જે સહજ તેમના હૈયે વસ્યા. સંતભગવંત સાહેબજીની આજ્ઞા અને સંતો સાથેના પ્રેમને પરિણામે આ યુવાનો મિત્રો સાથે બહાર ક્યાંય ના જતાં અનુપમ મિશનનાં કેન્દ્રો પર થતા ગરબામાં જોડાયા એ સરાહનીય બાબત છે! તેઓને બિરદાવવા દરેક પ્રદેશમાં વડીલોએ સુંદર આયોજન પણ કર્યાં, તેથી સૌને ખૂબ આનંદ આવ્યો. સૌ યુવાઓ અને આયોજક વડીલોને બિરદાવી સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતાસભર આશીર્વાદ વરસાવ્યા. ◆

દશેરાપૂજન

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સંતો દ્વારા તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી તેમજ અનુપમ મિશનનાં અન્ય કેન્દ્રોમાં પ્રતિ વર્ષ દશેરાપૂજન કરવામાં આવે છે. ખાસ કરીને સંતો-ભક્તોનાં કર્મયોગ સાધના-સ્થાનોમાં સંતો પધારી સાધનો-સંસાધનોનાં પૂજન કરી, ભગવાનની ભક્તિમાં માધ્યમરૂપ બનવા બદલ આભાર માને છે, ભક્તોની સુખાકારી અને સફળતા માટે પ્રાર્થનાઓ કરે છે. આ વર્ષે પણ આવી જ ભાવનાથી સંતોએ દશેરા પૂજન કર્યાં. સર્વત્ર દૈવીશક્તિ, હકારાત્મક વિચાર અને સકારાત્મક વર્તન દ્વારા નકારાત્મકતા દૂર થાય તેવી પ્રાર્થનાઓ વહાવી. ધૂન-ભજન-પ્રાર્થનાના સહારે, અઠવાડિક સત્સંગસભા અને સંત-સમાગમના માધ્યમથી આંતરિક શત્રુઓ પર વિજય મેળવી દિવ્યતા પ્રાપ્ત કરવા માર્ગદર્શન આપ્યાં. ◆

યોગી યૂથ ઍડવાન્સમૅન્ટ શિબિર-ઑસ્ટ્રેલિયા

સંતભગવંત સાહેબજીના આશીર્વાદથી ઑસ્ટ્રેલિયામાં ત્રીજી વખત બાળકો-યુવાઓ માટેની શિબિર યોજાઈ. આ વખતે મૅલબૉર્ન ખાતે ૨૫થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન શ્રી યોગી યૂથ ઍડવાન્સમૅન્ટ શિબિરનાં સુંદર આયોજન થયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોએ ભારતથી તેઓને માર્ગદર્શન આપ્યાં તે અનુસાર અદ્‌ભુત કાર્યક્રમો યોજાયા. અનુપમ મિશન, ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈ રૂઘાણીની આગેવાની હેઠળ મૅલબૉર્નના સક્રિય યુવાનેતાઓએ આ શિબિરની સંપૂર્ણ તૈયારી અને વ્યવસ્થાઓની ચીવટાઈભરી કાળજી લીધી.

૨૫ સપ્ટેમ્બરના રોજ બાળકો-યુવાઓ દ્વારા દીપપ્રાગટ્ય કરીને શિબિરનાં ઉદ્‌ઘાટન થયાં. આ પ્રસંગે દીપેનભાઈ, બીનાબા અને સાધુ પૂ. ઉત્પલદાસજીનાં માર્ગદર્શન અને આશીર્વાદ પ્રાપ્ત થયાં. બીજા દિવસે નિત્ય પ્રાત:પૂજા કરી શિબિરાર્થીઓ પૈકી ઋતુ અને પૂજને 'પ્રાપ્તિ' વિષય પર પ્રૅઝન્ટેશન રજૂ કરી સુંદર સમજ આપી. સિડનીથી ખાસ પધારેલ મીનલબહેન અને શ્લોકભાઈએ ગુરુમાહાત્મ્યનાં સુંદર વર્ણન કર્યાં. આ પ્રસંગે ભારતથી ડિજિટલ માધ્યમ દ્વારા સાધુ પૂ. રવિદાસજી, પૂ. યજ્ઞેશદાસજી અને પૂ. ઉત્પલદાસજીએ આશીર્વાદ વરસાવી યુવાઓને શિબિર વિષય અનુરૂપ માર્ગદર્શન આપ્યાં. રાત્રિસભામાં ગ્રુપ ડિસ્કશન કરી પોતાને ઉદ્‌ભવતા પ્રશ્નોનાં સમાધાન વડીલો પાસેથી સૌ શિબિરાર્થીઓએ મેળવ્યાં.

૨૭ સપ્ટેમ્બરના રોજ સુસ્મિતાબહેન અને મિત્તલબહેને 'ગુરુઆજ્ઞા મહિમા'ની વાતો બાળકોને સમજાય તે રીતે કરી. અમૅરિકાના યૂથલીડર્સ મહર્ષિભાઈ અને ઋત્વિકભાઈએ પણ ડિજિટલ વિડીયો માધ્યમ દ્વારા જોડાઈને બાળકો સાથે ગોષ્ઠિ કરી પ્રોત્સાહન આપ્યું. સાધુ પૂ. સતીશદાસજીએ વિડીયો મારફતે આશીર્વાદ વરસાવી સૌની સેવા-ભક્તિને બિરદાવી તથા આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડ્યું. નવરાત્રી પર્વ નિમિત્તે સૌએ ભેગાં મળી ગરબાનો આનંદ પણ માણ્યો.

અંતિમ દિવસે રિતુબહેન અને સુસ્મિતાબહેને અનુપમ મિશન દ્વારા વિશ્વસમસ્તમાં થતી યુવાપ્રવૃત્તિઓ અંગે સુંદર પ્રૅઝન્ટેશન આપ્યું અને યુવાઓ દ્વારા અર્પણ કરાતી ભક્તિનાં તલસ્પર્શી વર્ણન કરી સંતભગવંત સાહેબજીની યુવાપ્રવૃત્તિ અંગેની ભાવનાની સુંદર રજૂઆત કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને ખૂબ જ સરળ અને સહજ શૈલીમાં સમજાવી બાળકોને પ્રભુ અને ગુરુની મહત્તા દૃઢ કરાવી. અંતે સાધુ પૂ. ઉત્પલદાસજીએ વિડીયો માધ્યમથી સૌ પ્રતિ આભાર માની આવાં સુંદર આયોજન બદલ સૌની ભક્તિને વધાવી. આ પ્રસંગે મૅલબૉર્ન મંડળના ભક્તોએ બાળકોને ભાવતાં ભોજન જમાડવાની, ઉઠાડવાની અને સુવડાવવાની, અંગત જરૂરિયાતો પૂરી પાડવાની, તકનિકી વ્યવસ્થા, સંચાલન, પ્રવૃત્તિ આયોજન, પ્રવાસ અને આનંદબ્રહ્મ, સુશોભન અને ટ્રાન્સપૉર્ટેશન આદિ વિવિધ વિભાગોની ખૂબ સુંદર સેવા સંપ, સુહૃદભાવ અને એકતાથી કરી. ૩૦થી વધુ બાળકોએ આ કૅમ્પમાં ભાગ લઈને સત્સંગના પાઠ પાકા કરી જીવનની અવિસ્મરણીય સ્મૃતિઓ હૃદયે અંકિત કરી. સૌએ આવી સુંદર શિબિરની પ્રેરણા આપવા બદલ સંતભગવંત સાહેબજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. ◆

ઑસ્ટ્રેલિયાની રાજધાની-કેનબરામાં અઠવાડિક સત્સંગસભાનો આરંભ

ગુરુદેવ યોગીજી મહારાજે અઠવાડિક સત્સંગ સભાનો ખૂબ મહિમા ગાયો. તેનું મહત્ત્વ ખૂબ સમજાવ્યું અને સદાય પ્રાધાન્ય આપ્યું.

સ્વામિનારાયણ સંપ્રદાયના આધ્યાત્મિક મર્મને જનસામાન્ય સુધી પહોંચાડવા અને સૌનાં જીવન સર્વાંગે સુંદર બનાવવામાં અઠવાડિક સત્સંગ સભાનો મહદ્ અને અજોડ ફાળો છે. સંતભગવંત સાહેબજીએ પણ સત્સંગ સભાને અનિવાર્ય ગણાવી અને તેઓ જ્યાં પધારે ત્યાં સભા શરૂ કરાવી. અને તેથી જ અનુપમ મિશનનાં પ્રત્યેક કેન્દ્રોમાં નિયમિત સત્સંગ સભા થાય છે અને ભક્તો આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરે છે. તે અનુસાર ઑસ્ટ્રેલિયામાં બ્રિસ્બેન, ઍડિલેડ, મૅલબૉર્ન, સિડની આદિ કેન્દ્રોમાં સત્સંગ સભા થાય છે અને હવે ઑસ્ટ્રેલિયાની રાજધાની-કેનબરામાં અનુપમ મિશનના અક્ષરમુક્તોએ સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અને તેઓને રાજી કરવાના ભાવથી સર્વપ્રથમ અઠવાડિક સત્સંગ સભા ૪ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ આરંભ કરી ! દૂર પરદેશમાં પણ આધ્યાત્મિકતા અને મૂળ સંસ્કારને ઊજળા કરતા આ ભક્તોને વંદન છે ! ગુરુની આજ્ઞામાં તત્પર રહેવાની ભાવનાને પરિણામે જ આ શક્ય બન્યું છે. અઠવાડિક સત્સંગ સભાનો પ્રારંભ કરનારા આ નૂતન મંડળના ભક્તોને ધન્યવાદ ! ◆

શરદોત્સવ

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યપર્વની ભક્તિસંપન્ન ઉજવણી અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાં શરદ પૂર્ણિમાના મહામંગલકારી દિને કરવામાં આવી. ૬ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાનાં સાંનિધ્યે મંદિરજીના પ્રાંગણમાં સોળે કળાએ શોભાયમાન શીતળ ચંદ્રમાની છાયામાં આ ઉજવણી કરવામાં આવી. અનુપમ સૂરવૃંદના સંતો-સેવકોએ આ પ્રસંગે શાસ્ત્રોમાં વર્ણવાયેલ અક્ષરબ્રહ્મના મહિમાના શ્લોકો સહિત શ્રી ગુણાતીતાનંદ સ્વામી માહાત્મ્ય સ્તુતિવંદના અને માહાત્મ્યસભર કીર્તનોનાં ગાન કર્યાં ત્યારે વાતાવરણ અત્યંત દિવ્ય બની રહ્યું. સૂરવૃંદ દ્વારા શ્રીજી મહારાજની શરદોત્સવની રાસલીલાની સ્મૃતિ સાથે રાસનાં પદોનાં ગાન કરાયાં ત્યારે સભામાં બિરાજમાન સંતો અને અક્ષરમુક્તોએ દાંડિયા-રાસ લઈ ઉત્સવ-આનંદ માણ્યો. સદ્‌ગુરુ સંતોએ પણ દાંડિયા-રાસમાં વિશેષ રીતે જોડાઈ અલૌકિક સ્મૃતિઓ આપી. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી શ્રી ગુણાતીતાનંદ સ્વામીના મહિમાની અને ગુણાતીતભાવ પામવાની અદ્‌ભુત વાતો કરી. અંતે સમૂહ આરતીમાં જોડાઈને સૌએ ધન્યતા માણી.

તેવી જ રીતે અનુપમ મિશનના ઉપાસના ધામ-વેમાર, અમદાવાદ, સુરત, ખારઘર-નવી મુંબઈ, ભીંગરાડ આદિ કેન્દ્રોમાં શરદોત્સવની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી. માણાવદરમાં મંદિરે ‘શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના સર્વોત્તમ’ નામક સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા શરદ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા અને સંતોની નિશ્રામાં સંપન્ન થઈ. દરેક કેન્દ્રોમાં મોટી સંખ્યામાં ભક્તોએ જોડાઈને શરદ પૂર્ણિમાના પાવન પર્વે ભક્તિ અદા કરી.

ઈંગ્લૅન્ડમાં સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે શરદોત્સવ નિમિત્તે શ્રી ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૨મા પ્રાગટ્યપર્વની દિવ્યતાસભર ઉજવણી કરાઈ. સંતો અને અક્ષરમુક્તોની ઉપસ્થિતિમાં અનેરી ભાવવંદના પ્રસ્તુત કરવામાં આવી. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી સૌને ગુણાતીતભાવ પામવાની સાધનાની હૃદયસ્પર્શી સમજ આપી. ◆

હેપ્પી હાર્ટ્સ કૅમ્પ - શક્તિ અને સિદ્ધિ મહોત્સવ

ગણેશોત્સવના પાવન અવસરે AM-CARES દ્વારા કૅલિફોર્નિયા-સાન ફ્રાન્સિસ્કોમાં મંડળના વડીલો દ્વારા બાળકો માટે હૅપ્પી હાર્ટ્સ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું, જે એક ઉત્સાહભર્યો અને આનંદમય અવસર બની રહ્યો. આ કાર્યક્રમમાં ધાર્મિક ભાવનાઓ સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓ, રમતો અને નૃત્યનો સુંદર સમન્વય જોવા મળ્યો. દિવસની શરૂઆતમાં બાળકો માટે એક મજેદાર આઈસ બ્રૅકર સેશન રાખવામાં આવ્યું, જેમાં એમને શ્રી ગણપતિજી વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા, જેનાથી સૌનું સામાન્ય જ્ઞાન પાકું થયું.

બાપ્પાનાં સ્વાગત માટે બાળકોને ચાર જુદી જુદી ટીમોમાં વહેંચવામાં આવ્યાં. દરેક ટીમને વિશિષ્ટ જવાબદારી સોંપવામાં આવી. સજાવટ ટીમે સ્ટેજને સુંદર રીતે શણગારીને જાણ્યું કે, ઉજવણીમાં શણગાર કેમ મહત્ત્વનો છે ? પ્રસાદની ટીમે ભાવપૂર્વક મોદક બનાવ્યા અને વિવિધ નાસ્તાઓ પ્રસાદરૂપે તૈયાર કર્યા. આરતીની ટીમે રંગબેરંગી આરતીની થાળીઓ બનાવી અને ડાન્સની ટીમે લૅઝિમ સહિત પરંપરાગત નૃત્યો દ્વારા બાપ્પાનું આનંદપૂર્વક સ્વાગત કર્યું. આ પછી ‘ધ ફ્રૂટ ઑફ વિઝડમ’ નામની નાટિકા રજૂ કરવામાં આવી, જે ગણેશ અને કાર્તિકેયની વાર્તા પર આધારિત હતી. આ નાટિકા દ્વારા બાળકોને પરિવારનું મહત્ત્વ, વિચારશીલતા અને નિર્ધાર વિશે મહત્ત્વપૂર્ણ શીખ મળી. ત્યારબાદ દરેક બાળકને બાપ્પાની આરતી કરવાનો અવસર મળ્યો. વિસર્જન દરમિયાન બાળકોના ચહેરા પર ખુશી અને કૃતજ્ઞતાની લાગણી છલકાતી હતી. સૌએ બાપ્પાને વિદાય આપી અને ફરી આવવાનું આમંત્રણ આપ્યું. અંતે બાળકો ગરબાની મસ્તીમાં ઝૂમી ઊઠ્યાં અને નવરાત્રીના ધાર્મિક ને સાંસ્કૃતિક મહત્ત્વ વિશે પણ જાણ્યું. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું સિંચન પરદેશમાં ઊછરતી બાલપેઢીમાં થાય તે હેતુથી આવા કૅમ્પનાં આયોજન થાય છે. પારંપરિક મૂલ્યોનાં જતન અર્થે પ્રયત્નશીલ સેવકટીમનાં સૌને સંતભગવંત સાહેબજીએ બિરદાવ્યાં. ◆

બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના પ્રાગટ્યદિનની ઉજવણી

યોગી વિદ્યાપીઠમાંસદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાને પ્રાગટ્યદિનની ભાવવંદના અર્પણ

ઑસ્ટ્રેલિયામાં યોજિત યૂથ ઍડવાન્સમૅન્ટ શિબિરમાં સંતમાર્ગદર્શન

યૂથ ઍડવાન્સમૅન્ટ શિબિરમાં સહભાગી શિબિરાર્થીઓ

કૅનબરા–ઑસ્ટ્રેલિયામાં સર્વપ્રથમ અઠવાડિક સત્સંગસભાના આરંભ

કૅલિફૉર્નિયા–યુ.એસ.એ.માં ‘AM–CARES’ અંતર્ગત હૅપ્પી હાર્ટ્સ કૅમ્પ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ–મોગરી, માણાવદર અને અમદાવાદમાં સંતોનાં સાંનિધ્યે શરદોત્સવની ભક્તિભીની ઉજવણી

ઈંગ્લૅન્ડમાં હાર્મની કૉન્ફરન્સમાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

સંતભગવંત સાહેબજી દ્વારા 'ૐ ક્રિમેટોરિયમ'ના નિર્માણકાર્યની મુલાકાત અને માર્ગદર્શન

સ્વીડનના સ્ટૉકહૉમ ઍરપૉર્ટ પર સંતભગવંત સાહેબજી અને સંતોનાં સ્વાગત

સ્વીડન મંડળની સત્સંગસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

સ્વીડનની સ્ટૉકહૉમ રિવરમાં પૂ. શાંતિદાદાનાં અસ્થિપુષ્પનાં વિસર્જન... ધૂન-પ્રાર્થના અર્પણ

Regd. News Paper / Air Mail / Book Post

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-10-2025 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

If Undelivered Please return to :

Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand, Gujarat, India * Phone : (02692) 230483, 230544

email : amindia@anoopam.org * website: www.anoopam.org